સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 07

[FEB - 2023]
[12/02/23 to 18/02/23]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

# Timeline


## 12 FEB-2023

- ISROનું SSLV-D2 લોન્ચ ..... 02
- જમ્મુ અને કાશ્મીરમાં લિથિયમનો ભંડાર મળ્યો ..... 04
- ગુજરાત હાઈકોર્ટના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ : જસ્ટિસ સોનિયા ગોકાણી ..... 06
- QUESTION ANSWERS ..... 11

## 13 FEB-2023

- દિવસ મહિમા : 13 વિશ્વ રેડિયો દિવસ, રાષ્ટ્રીય મહિલા દિવસ (સરોજિની નાયડુ જન્મદિન) ..... 12
- Googleનું નવું AI ચેટબોટ : Bard ..... 13
- ત્રીજી ASEAN ડિજિટલ મંત્રીઓની બેઠક ..... 14
- તરકશ અભ્યાસ (Exercise TARKASH) ..... 16
- QUESTION ANSWERS ..... 17

## 14 FEB-2023

- દિવસ મહિમા : 10 ફેબ્રુઆરી, માતૃપિતૃ પૂજન દિવસ ..... 18
- 12 રાજ્યો અને 1 કેન્દ્રશાસિત પ્રદેશમાં નવા રાજ્યપાલોની નિમણૂક ..... 18
- રાજા રામ મોહન રાય રાષ્ટ્રીય પુરસ્કાર 2023 : પત્રકાર એ.બી.કે.પ્રસાદની પસંદગી ..... 22
- દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે : વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યું ..... 24
- HAL મોરેશિયસમાં ALH MK3 હેલિકોપ્ટર નિકાસ કરશે ..... 25
- QUESTION ANSWERS ..... 27

## 15 FEB-2023

- ખનન પ્રહરી એપ્લિકેશન (Khanan Prahari Application) ..... 29
- એરો ઈન્ડિયા 2023 (Aero India 2023) ..... 29
- સાઉદી અરેબિયા પ્રથમ મહિલાને અવકાશમાં મોકલશે ..... 30
- QUESTION ANSWERS ..... 31

## 16 FEB-2023

- LTTE ચીફ વેલુપિલ્લઈ પ્રભાકરન જીવંત હોવાનો દાવો ..... 32
- એર ઈન્ડિયા બોઈંગ અને એરબસ પાસેથી 470 એરક્રાફ્ટ ખરીદશે ..... 32
- 2 લાખ PACS, ડેરી અને ફિશરીઝ કોઓપરેટિવની સ્થાપના કરવાની યોજના ..... 33
- ચક્રવાત ગેબ્રિયલ : ન્યૂઝીલેન્ડ ..... 35
- 5મી ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ મધ્યપ્રદેશમાં યોજાઈ ..... 36
- QUESTION ANSWERS ..... 37

## 17 FEB-2023

- Wolf Prize Winners 2023 ..... 38
- વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ (Vibrant Villages Programme) ..... 39
- ભારત સરકારે શિંકુ લા ટનલના બાંધકામને મંજૂરી આપી ..... 40
- QUESTION ANSWERS ..... 41

## 18 FEB-2023

- દિવસ મહિમા : 11 મહાવદ તેરસ, મહાશિવરાત્રિ ..... 42
- ભવનાથનો મહાશિવરાત્રીનો મેળો ..... 42
- HARBINGER 2023 : RBIએ બીજી વૈશ્વિક હેકાથોનની જાહેરાત કરી ..... 42
- QUESTION ANSWERS ..... 43

**ONE LINER** ..... 44

**QUESTION OF THIS WEEK** ..... 49


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ISROનું SSLV-D2 લોન્ચ



ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ તાજેતરમાં સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (SSLV-D2)ને સફળતાપૂર્વક લોન્ચ કર્યુ હતું.

- સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (SSLV)ની આ બીજી આવૃત્તિ છે.
- સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલની બીજી ડેવલપમેન્ટ ફલાઈટ (SSLV-D2)ને આંધ્રપ્રદેશના શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટર SHAR ખાતેના પ્રથમ લોન્ચપેડથી સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું હતું.
- SSLV-D2એ EOS-07, Azzzadi SAT-2 અને Janus-1 ઉપગ્રહો લોન્ચ કર્યા હતા.
- પ્રક્ષેપણની 15 મિનિટની અંદર ઉપગ્રહોને પૃથ્વીથી 450 કિમીની ઊંચાઈએ છોડવામાં આવ્યા હતા.
- ઓગસ્ટ 2022માં SSLVએ તેની પ્રથમ ઊડાન ભરી હતી. પરંતુ આ મિશન ઉપગ્રહને તેમની જરૂરી ભ્રમણ કક્ષામાં મૂકવામાં નિષ્ફળ ગયું હતું.

### Janus-1

તે યુનાઈટેડ સ્ટેટ્સ સ્થિત Antaris અને તેના ભારતીય ભાગીદારો XDLinks અને Ananth Technologies દ્વારા બનાવવામાં આવેલ ટેક્નોલોજી ડેમોન્સ્ટ્રેટર સેટેલાઈટ છે.

- તે છ–યુનિટનો ક્યુબ સેટેલાઈટ છે જે પાંચ પેલોડ વહન કરે છે બે સિંગાપોરથી તથા કેન્યા, ઓસ્ટ્રેલિયા અને ઈન્ડોનેશિયામાંથી એક–એક.
- જાનુસ-1નું વજન માત્ર 10.2 કિગ્રા છે.
- સમગ્ર ઉપગ્રહ 10 મહિનામાં બનાવવામાં આવ્યો હતો. જે કદના ઉપગ્રહો બનાવવા માટે જરૂરી સમય કરતા અડધા કરતા ઓછો છે.

### Azaadisat 2

તે એક ક્યુબ સેટેલાઈટ છે. જેનું વજન લગભગ 8 કિલો છે. અને તેમાં 75 અલગ–અલગ પેલોડ છે.

- તેને Spacekidz India દ્વારા વિકસાવવામાં આવ્યું હતું.
- આ સેટેલાઈટના વિકાસમાં લગભગ 750 વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.
- આ સેટેલાઈટમાં વોઈસ અને ડેટા ટ્રાન્સમિશન સાધનો, સેલ્ફી કેમેરા અને UHF તથા VHF ટ્રાન્સપોન્ડર પણ છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## EOS-07

**EOS-07 એ 156.3 કિગ્રાનો ઉપગ્રહ છે. જે ISRO દ્વારા ડિઝાઈન અને વિકસાવવામાં આવ્યો છે.**

- આ મિશનનો ઉદ્દેશ્ય ભવિષ્યના ઓપરેશનલ ઉપગ્રહો માટે નવી ટેક્નોલોજી સાથે સુસંગત માઈક્રોસેટેલાઈટ બસો અને પેલોડ સાધનોની ડિઝાઈન અને વિકાસ કરવાનો છે.

## સ્મોલ સેટેલાઇટ લોન્ચ વ્હીકલ (SSLV)




સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (SSLV) એ ત્રણ તબક્કાનું લોન્ચ વ્હીકલ છે.

- જે ત્રણ સોલિડ પ્રોપલ્શન સ્ટેજ અને લિક્વિડ પ્રોપલ્શન– આધારિત વેલેસિટી ટ્રિમિંગ મોડ્યુલ (VTM) સાથે ટર્મિનિલ સ્ટેજ તરીકે ગોઠવેલું છે.
- SSLVનો વ્યાસ 2 મીટર તથા લંબાઈ 34 મીટર છે.
- તથા તેનું વજન લગભગ 120 ટન છે.
- સતીશ ધવન સ્પેસ સેન્ટર (SDSC)થી 500 km પ્લેનર ઓર્બિટમાં 10 થી 500 કિલોગ્રામના સેટેલાઈટને લોન્ચ કરવા સક્ષમ છે.
- સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (SSLV)ની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે :

(a) ઓછી કિંમત

(b) ઓછો ટર્ન–અરાઉન્ડ સમય એટલે કે તેને બનાવવામાં ઓછો સમય લાગે છે.

(c) અનેક ઉપગ્રહો લઈ જઈ શકે છે અને ઓછામાં ઓછા લોન્ચિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જોઈએ છે.

## મહત્વ

### નાના ઉપગ્રહોનો યુગ

અગાઉ મોટા ઉપગ્રહ પેલોડને મહત્ત્વ આપવામાં આવતું હતું.

- પરંતુ જેમ જેમ આ વિસ્તારનો વિકાસ થતો ગયો તેમ તેમ ઘણા ખાનગી હિતધારકો જેમ કે વ્યવસાય ક્ષેત્રો, સરકારી એજન્સીઓ, યુનિવર્સિટીઓ અને વિવિધ પ્રયોગશાળાઓએ તેમના ઉપગ્રહ મોકલવાનું શરૂ કર્યું.
- આ તમામ મોટાભાગે નાના ઉપગ્રહોની શ્રેણીમાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

## માંગમાં વધારો

અવકાશ આધારિત ડેટા, સંદેશાવ્યવહાર, દેખરેખ અને વાણિજ્યની સતત વધતી જતી જરૂરિયાતને કારણે છેલ્લા આઠ દસ વર્ષોમાં નાના ઉપગ્રહોના પ્રક્ષેપણની માંગમાં ઝડપી ગતીએ વધારો થયો છે.

## ઓછો ખર્ચ

સેટેલાઈટ નિર્માતાઓ અને ઓપરેટરોને હવે મહિનાઓ રાહ જોવાની અથવા અતિશય મુસાફરી ફી ચૂકવવાની જરૂર નથી.

- તેથી જ આ સંસ્થાઓ ઝડપથી અવકાશમાં ઉપગ્રહનો સમૂહ વિકસાવી રહી છે.
- SpaceXના StarLink અને OneWeb જેવા પ્રોજેક્ટ સેંકડો ઉપગ્રહોના ક્લસ્ટરને જોડવા માટે કામ કરી રહ્યા છે.
- નોકરી કરવા માટે 60 લોકોની જગ્યાએ માત્ર છ લોકોની જરૂર પડશે તથા આખું કામ ખૂબ જ ઓછા સમયમાં થઈ જશે અને તેની કિંમત માત્ર 30 કરોડ રુપિયાની આસપાસ હશે.

## વ્યવસાય તક

માંગમાં વૃદ્ધિ સાથે રોકેટની તે યોગ્ય કિંમત સાથે ઘણી વાર લોન્ચ કરી શકાય છે, આ ઈસરો જેવી અવકાશ એજન્સીઓને ક્ષેત્રની સંભવિતતાનો ઉપયોગ કરવા માટે વ્યવસાયની તક પૂરી પાડે છે.

- કારણ કે મોટાભાગની માંગ એવી કંપનીઓ પાસેથી આવે છે જે વ્યાપારી હેતુઓ માટે ઉપગ્રહો લોન્ચ કરી રહી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# જમ્મુ અને કાશ્મીરમાં લિથિયમનો ભંડાર મળ્યો



જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાને જમ્મુ અને કાશ્મીરમાં લિથિયમના ભંડાર મળ્યા છે.

- આ લિથિયમના ભંડાર જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લાના સલાલ–હૈમાના વિસ્તારમાં મળી આવ્યો છે.
- આ લિથિયમનો ભંડાર લગભગ 5.9 મિલિયન ટન અથવા 59 લાખ ટન છે.
- આજે ભારત આર્જેન્ટિના અને ઓસ્ટ્રેલિયાના દેશોમાંથી લિથિયમની આયાત કરી રહ્યું છે.
- 2021માં વિવિધ કારણોસર લિથિયમની કિંમતમાં 400%નો વધારો થયો હતો.

- તેમાંથી એક કારણ ડિજિટલ વિકાસ અને કોવિડ દરમિયાન ઈલેક્ટ્રિક બેટરીમાં વધારો હતો.
- રિચાર્જેબલ બેટરીમાં લિથિયમનો વારંવાર ઉપયોગ થાય છે. આ બેટરીનો ઉપયોગ સ્માર્ટફોન અને લેપટોપથી લઈને ઈલેક્ટ્રિક કારમાં થાય છે.
- હવે આ બાબતે ભારત આત્મનિર્ભર બનશે અને એવી અપેક્ષા છે કે વર્ષ 2030 સુધીમાં દેશમાં ઈલેક્ટ્રિક વાહનોના ઉત્પાદનમાં 30 ટકાનો વધારો થશે.

## લિથિયમ

લિથિયમ એ એક નરમ, ચળકતી–સફેદ ધાતુ છે.

- તે રાસાયણિક તત્વોના આલ્કલી ધાતુઓની શ્રેણીમાં આવે છે.
- તેની રાસાયણિક સંજ્ઞા Li અને તેનો અણુ ક્રમાંક 3 છે.
- લિથિયમ એ સૌથી હલકી ધાતુ છે અને પ્રકૃતિમાં સૌથી ઓછી ઘનતા ધરાવતો પદાર્થ છે.
- રિચાર્જેબલ બેટરીમાં લિથિયમનો વારંવાર ઉપયોગ થાય છે. આથી આવી બેટરીની ઊંચી માંગને કારણે ક્યારેક 'વ્હાઈટ ગોલ્ડ' તરીકે પણ ઓળખાય છે.
- લિથિયમ ઈલેક્ટ્રિક વાહનો, સ્માર્ટ ફોન, લેપટોપ, ડિજિટલ કેમેરા અને અન્ય દરેક ઈલેક્ટ્રોનિક ઘટકોમાં જરૂરી છે, જે વીજળીનો મુખ્ય સંગ્રહ બ્લોક છે.
- તેનો ઉપયોગ થર્મોન્યુક્લિયર પ્રતિક્રિયાઓમાં પણ થાય છે.
- આ ઉપરાંત તેનો ઉપયોગ એલ્યુમિનિયમ અને મેગ્નેશિયમ સાથે મિશ્ર ધાતુ બનાવવા તેમની ક્ષમતામાં સુધારો કરવા અને તેમને હળવું બનાવવા માટે થાય છે.
- મેગ્નેશિયમ–લિથિયમ મિશ્ર ધાતુનો ઉપયોગ કવચ (Armor) બનાવવા માટે થાય છે.
- એલ્યુમિનિયમ–લિથિયમ મિશ્રધાતુનો ઉપયોગ એરક્રાફ્ટ, હાઈપાવર સાઈકલ અને હાઈ–સ્પીડ ટ્રેનની ફ્રેમમાં થાય છે.

## વિશ્વમાં લિથિયમનો ભંડાર

મોટાભાગના લિથિયમ અનામતો દક્ષિણ અમેરિકામાં કેન્દ્રિત છે, ખાસ કરીને આર્જેન્ટિના, ચિલી અને બોલિવિયા જેવા દેશોમાં.

- આ ત્રણ દેશોને 'લિથિયમ ત્રિકોણ' (Lithium Triangle) કહેવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતમાં લિથિયમ ભંડાર

પ્રારંભિક સર્વેક્ષણમાં દક્ષિણ કર્ણાટકના માંડ્યા જિલ્લામાં સર્વેક્ષણ કરાયેલ જમીનના નાના ભાગમાં 14,100 ટનનો અંદાજિત લિથિયમ ભંડાર હોવાનું સામે આવ્યું હતું.

- આ ઉપરાંત રાજસ્થાન, બિહાર, આંધ્રપ્રદેશમાં મીકા બેલ્ટ, ઓડિશા અને છત્તીસગઢમાં પેગ્મેટાઈટ પટ્ટો તથા ગુજરાતમાં કચ્છના રણ જેવા વિસ્તારમાં લિથિયમનો ભંડાર હોવાનો અંદાજ છે.

## લિથિયમની શોધનું મહત્વ

ભારતે 2070 સુધીમાં તેના ઉત્સર્જનને નેટ શૂન્ય સુધી ઘટાડવાનું વચન આપ્યું છે.

- જેના માટે ઈલેક્ટ્રિક વાહન (EV) બેટરીમાં મુખ્ય ઘટક તરીકે લિથિયમની ઉપલબ્ધતા જરૂરી છે.
- સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ અંદાજ લગાવ્યો છે કે વર્ષ 2030 સુધીમાં દેશને 27 GW ગ્રીડ–સ્કેલ બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમની જરૂર પડશે, જેમાં મોટા પ્રમાણમાં લિથિયમની જરૂર પડશે.
- ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)નો અંદાજ છે કે વર્ષ 2025 સુધીમાં વિશ્વ લિથિયમની અછતનો સામનો કરી શકે છે.
- આથી તાજેતરમાં થયેલી લિથિયમના ભંડારની શોધ ભારત માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

## જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (GSI)

હાલમાં GSI એ ખાણ મંત્રાલયની સંલગ્ન કચેરી છે.

- તેની સ્થાપના વર્ષ 1851માં મુખ્યત્વે રેલવે માટે કોલસાના ભંડાર શોધવા માટે કરવામાં આવી હતી.
- સમય જતા તે ભૂ–વિજ્ઞાન માહિતીના ભંડાર તરીકે વિકસિત થયું છે. અને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ધરાવતા ભૂ–વૈજ્ઞાનિક સંગઠનનો દરજ્જો પણ પ્રાપ્ત કર્યો છે.
- તેનું મુખ્ય મથક કોલકાતામાં છે અને તેની છ પ્રાદેશિક કચેરીઓ લખનૌ, જયપુર, નાગપુર, હૈદરાબાદ, શિલોંગ, કોલકાતા ખાતે આવેલી છે. દરેક રાજ્યમાં રાજ્ય એકમ હોય છે.

# ગુજરાત હાઈકોર્ટના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ : જસ્ટિસ સોનિયા ગોકાણી

તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ તરીકે જસ્ટિસ સોનિયા ગોકાણીની નિમણૂક કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



- સુપ્રીમ કોર્ટના કોલેજિયમની મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.
- તેઓ મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી અરવિંદ કુમારનું સ્થાન લેશે.
- શ્રી અરવિંદ કુમારને સુપ્રીમકોર્ટના જસ્ટિસ તરીકે બઢતી કરવામાં આવી છે. આથી તેમની જગ્યાએ સુશ્રી સોનિયાબેન ગોકાણીની મુખ્ય ન્યાયાધીશ પદે નિમણૂક કર્યા છે.
- આમ તેઓ ગુજરાત હાઈકોર્ટના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ બન્યા છે.
- તેઓ 25 ફેબ્રુઆરી, 2023ના રોજ નિવૃત્ત થશે. વય મર્યાદાના કારણે તેઓ માત્ર 15 દિવસમાં જ નિવૃત્ત થશે.
- ગાંધીનગરના રાજભવન ખાતે યોજાયેલ સમારોહમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે સુશ્રી સોનિયાબેન ગોકાણીને ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે શપથ અપાવ્યા છે.
- તેઓ ગુજરાત હાઈકોર્ટના 28માં મુખ્ય ન્યાયાધીશ બન્યા છે.

## જસ્ટિસ સોનિયા જી. ગોકાણી

જસ્ટિસ સોનિયાબેન જી. ગોકાણી મૂળ જામનગરના વતની છે.

- તેમનો જન્મ 26 ફેબ્રુઆરી, 1961માં થયો હતો.
- તેમણે માઈક્રોબાયોલોજીમાં B.S.C. ત્યારબાદ LLB (સ્પેશિયલ) અને LLM (ક્રિમિનલ)નો અભ્યાસ કર્યો છે.
- તેમણે જામનગરની કે.પી.શાહ લૉ કોલેજમાં પાર્ટ–ટાઈમ લેક્ચરર તરીકે સેવા આપી હતી.
- આ ઉપરાંત પાંચ વર્ષ સુધી જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમના સભ્ય તરીકે સેવા આપી હતી.
- 10 જુલાઈ, 1995ના રોજ તેમની અમદાવાદની સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટના જજ તરીકે નિમણૂક કરાઈ હતી.
- તેમણે 2003 થી 2008 દરમિયાન ગુજરાતના આતંકવાદ વિરોધી કાયદા હેઠળ સ્પેશિયલ કોર્ટના જજ તરીકે સેવા આપી હતી.
- તેમણે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનની સ્પેશિયલ કોર્ટના જજ તરીકે પણ કામગીરી કરી છે.
- ત્યારબાદ 17 ફેબ્રુઆરી, 2011ના રોજ તેમની ગુજરાત હાઈકોર્ટના એડિશનલ જજ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. અને 28 જાન્યુઆરી, 2023ના રોજ કાયમી જજ બનાવવામાં આવ્યા હતા.
- નોંધનીય છે કે એક એડવોકેટ તરીકે તેમણે મહિલાઓ, બાળકો તેમજ પર્યાવરણને સમર્થન આપવા વિવિધ સંસ્થાઓ સાથે પણ કામ કર્યુ છે.

## ગુજરાતના પ્રથમ મહિલા

- ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી : શ્રીમતી આનંદીબેન પટેલ
- ગુજરાતમાં પ્રથમ મહિલામંત્રી : શ્રીમતી ઈન્દુબેન શેઠ
- ગુજરાત વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ : શ્રીમતી નિમાબેન આચાર્ય
- ગુજરાતમાં પ્રથમ મહિલા સ્નાતક : સુશ્રી વિદ્યાબેન નિલકંઠ અને સુશ્રી શારદાબેન મહેતા
- ગુજરાતના પ્રથમ મહિલા મુખ્ય સચિવ : સુશ્રી મંજૂલા સુબ્રમણ્યમ
- ગુજરાતમાં પ્રથમ મહિલા કુલપતિ : સુશ્રી હંસાબહેન મહેતા (M.S. યુનિવર્સિટી)
- ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા રાજ્યપાલ : સુશ્રી શારદા મુખર્જી
- ગુજરાત હાઈકોર્ટના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ : શ્રીમતી સોનિયા ગોકાણી

## હાઈકોર્ટ (ઉચ્ચ ન્યાયાલય)

ભારતીય બંધારણના ભાગ 6ના અનુચ્છેદ 214 થી 231 અંતર્ગત હાઈકોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

- ભારતમાં હાલ કુલ 25 હાઈકોર્ટ આવેલી છે.
- કોલકાતા હાઈકોર્ટ ભારતની સૌથી જૂની હાઈકોર્ટ છે. તેની સ્થાપના 2 જૂલાઈ, 1862ના રોજ થઈ હતી.
- ભારતમાં છેલ્લે 23, 25 અને 26 માર્ચ 2013ના રોજ અનુક્રમે મેઘાલય, મણિપુર અને ત્રિપુરામાં હાઈકોર્ટની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ 1 જાન્યુઆરી, 2019ના રોજ ભારતમાં 25મી હાઈકોર્ટ તરીકે આંધ્રપ્રદેશ હાઈકોર્ટની રચના કરવામાં આવી છે.
- ગુજરાત હાઈકોર્ટની સ્થાપના 1 મે, 1960ના રોજ થઈ હતી.
- હાઈકોર્ટ એ રાજ્ય ન્યાયતંત્રનું સર્વોચ્ચ ન્યાયાલય છે.
- રાજ્યના અન્ય ન્યાયાલયો હાઈકોર્ટને આધીન હોય છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 214 અનુસાર પ્રત્યેક રાજ્ય માટે એક ઉચ્ચ ન્યાયાલયની વ્યવસ્થા કરાયેલી છે. પરંતુ 1956ના 7મા બંધારણીય સુધારા અંતર્ગત સંસદ બે કે તેથી વધુ રાજ્યો માટે એક જ ઉચ્ચ ન્યાયાલયની વ્યવસ્થા કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## હાઈકોર્ટના ન્યાયાધીશ

ભારતીય બંધારણના <u>અનુચ્છેદ 216</u> અનુસાર દરેક હાઈકોર્ટમાં એક મુખ્ય ન્યાયાધીશ અને બીજા અન્ય ન્યાયાધીશો હોય છે.

- હાઈકોર્ટના ન્યાયાધીશોની સંખ્યા વખતો વખત રાષ્ટ્રપતિ નક્કી કરે છે.
- ભારતીય બંધારણના <u>અનુચ્છેદ 217</u> અનુસાર <u>હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ</u>ની નિમણૂક <u>રાષ્ટ્રપતિ</u> દ્વારા <u>સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ</u> તથા સંબંધિત રાજ્યના <u>રાજ્યપાલ</u>ની સલાહથી કરવામાં આવે છે.
- <u>અનુચ્છેદ 217</u> અનુસાર રાષ્ટ્રપતિ હાઈકોર્ટના <u>અન્ય ન્યાયાધીશો</u>ની નિયુક્તિ <u>સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ</u>, <u>સંબંધિત રાજ્યના રાજ્યપાલ</u> અને એ રાજ્યની હાઈકોર્ટના <u>મુખ્ય ન્યાયાધીશની</u> સલાહ પ્રમાણે કરે છે.
- આ ઉપરાંત ભારતની હાઈકોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂક માટે 'Collegium'ની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.

## હાઈકોર્ટના મુખ્ય તથા અન્ય ન્યાયાધીશ માટેની લાયકાતો

(1) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

(2) ઓછામાં ઓછા <u>10 વર્ષ</u>નો <u>ન્યાયાધીશ</u>નો અનુભવ હોવો જોઈએ.

**અથવા**

ઓછામાં ઓછા <u>10 વર્ષ</u> સુધી <u>હાઈકોર્ટ</u>માં વકીલાતનો અનુભવ હોવો જોઈએ.

## હાઈકોર્ટના ન્યાયાધીશનો કાર્યકાળ

ભારતીય બંધારણના <u>અનુચ્છેદ– 217</u> મુજબ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સહિત તમામ ન્યાયાધીશ <u>62 વર્ષ</u>ની વય સુધી પોતાના પદ પર સેવા આપી શકે છે.

- કોઈપણ ન્યાયાધીશ ભારતના રાષ્ટ્રપતિને સંબોધીને પોતાનું રાજીનામું આપી શકે છે.

## હાઈકોર્ટના ન્યાયાધીશના શપથ

<u>અનુચ્છેદ– 219</u> અનુસાર હાઈકોર્ટના ન્યાયાધીશોની શપથવિધિ <u>રાજ્યપાલ</u> કે <u>રાજ્યપાલ દ્વારા નિમાયેલી અન્ય વ્યક્તિ સમક્ષ</u> યોજાય છે.

## પગાર અને ભથ્થા

વર્તમાન સમયે <u>હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ</u>નો પગાર <u>રૂ. 2,50,000 પ્રતિમાસ</u> અને <u>અન્ય ન્યાયાધીશ</u>નો પગાર <u>રૂ. 2,25,000 પ્રતિમાસ</u> છે.

## હાઈકોર્ટ અંગે ભારતીય બંધારણના મહત્વના અનુચ્છેદ

| અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|
| અનુચ્છેદ– 214 | રાજ્યો માટે હાઈકોર્ટ |
| અનુચ્છેદ– 215 | હાઈકોર્ટ માટે રેકર્ડ ન્યાયાલય રેહશે |
| અનુચ્છેદ– 216 | હાઈકોર્ટની રચના |
| અનુચ્છેદ– 217 | હાઈકોર્ટના ન્યાયાધીશની નિમણૂક અને તેના હોદ્દાની શરતો |
| અનુચ્છેદ– 219 | હાઈકોર્ટના ન્યાયાધીશોએ લેવાના શપથ અથવા પ્રતિજ્ઞા |
| અનુચ્છેદ– 223 | કાર્યકારી મુખ્ય ન્યાયાધીશોની નિમણૂક |
| અનુચ્છેદ– 231 | બે કે તેથી વધુ રાજ્યો માટે એક ઉચ્ચ ન્યાયાલયની સ્થાપના અંગેની જોગવાઈ |

**નોંધ :** ગુજરાત હાઈકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ શ્રી સુંદરલાલ ત્રિકમલાલ દેસાઈ હતા.



Registration Now

**1.** તાજેતરમાં ISROએ 'SSLV-D2' (સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ) સફળતાપૂર્વક લોન્ચ કર્યુ હતું. આ SSLV-D2એ કઈ ઉપગ્રહ લોન્ચ કર્યો હતો ?

(A) EOS-07 (B) Azzzadi SAT-2 (C) Janus-1 (D) ઉપરોક્ત તમામ **(D)**

**2.** તાજેતરમાં ચર્ચામાં રહેલ 'સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (SSLV) એ ત્રણ તબક્કાનું લોન્ચ વ્હીકલ છે.
2. જે ત્રણ સોલિડ પ્રોપલ્શન સ્ટેજ અને લિક્વિડ પ્રોપલ્શન–આધારિત વેલેસિટી ટ્રિમિંગ મોડ્યુલ (VTM) સાથે ટર્મિનલ સ્ટેજ તરીકે ગોઠવેલું છે.
3. SSLVનો વ્યાસ 2 મીટર તથા લંબાઈ 34 મીટર છે.
4. તેનું વજન લગભગ 120 ટન છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 4 (C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(D)**

**3.** તાજેતરમાં ભારતના કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાંથી અંદાજિત 59 લાખ ટન લિથિયમનો જથ્થો મળી આવ્યો છે ?

(A) જમ્મુ–કાશ્મીર (B) ચંદીગઢ (C) મેઘાલય (D) મણિપુર **(A)**

**4.** તાજેતરમાં ચર્ચામાં રહેલ સુશ્રી સોનિયાબેન ગોકાણી કોણ છે ?

(A) ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્ય સચિવ
(B) ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા ચૂંટણી અધિકારી
(C) ગુજરાત હાઈકોર્ટના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ
(D) ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા માહિતી કમિશનર **(C)**

**5.** ભારતીય બંધારણના કયા ભાગમાં હાઈકોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) ભાગ - 5 (B) ભાગ - 6 (C) ભાગ - 7 (D) ભાગ - 8 **(B)**

**6.** ગુજરાત હાઈકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશનું નામ શું છે ?

(A) શ્રી રમણલાલ દેસાઈ (B) શ્રી જેઠાલાલ દેસાઈ
(C) શ્રી સુંદરલાલ દેસાઈ (D) શ્રી વ્રજલાલ દેસાઈ **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 13 ફેબ્રુઆરી, (1) વિશ્વ રેડિયો દિવસ (World Radio Day) (2) રાષ્ટ્રીય મહિલા દિવસ (સરોજિની નાયડુ જન્મદિન)




### વિશ્વ રેડિયો દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 13 ફેબ્રુઆરીના રોજ 'વિશ્વ રેડિયો દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- UNESCOની 36મી જનરલ કોન્ફરન્સમાં 3 નવેમ્બર, 2011ના રોજ આ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ માટેનો પ્રસ્તાવ સ્પેન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.
- આ દિવસનો ઉદ્દેશ્ય એ હકીકત પ્રકાશિત કરવાનો છે કે રેડિયો સંઘર્ષ નિવારણનો આધારસ્તંભ છે અને વિશ્વમાં શાંતિ જાળવવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.
- વર્ષ 2023ના 'વિશ્વ રેડિયો દિવસ'ની થીમ 'Radio and Peace' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### રાષ્ટ્રીય મહિલા દિવસ



શ્રીમતી સરોજિની નાયડુનો જન્મ દિવસ ભારતમાં 'રાષ્ટ્રીય મહિલા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- ભારતની કોકિલાના ઉપનામથી જાણીતા શ્રીમતી સરોજિની નાયડુનો જન્મ 13 ફેબ્રુઆરી, 1879ના રોજ હૈદરાબાદ ખાતે થયો હતો.
- વર્ષ 1925માં કાનપુર ખાતેના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રસના અધિવેશનમાં તેમણે અધ્યક્ષતા કરી હતી.
- શ્રીમતી સરોજિની નાયડુ શરૂઆતથી જ આઝાદીની લડતમાં સક્રિય હતા. ધરાસણા મીઠાના સત્યાગ્રહ દરમિયાન ગાંધીજી અને અન્ય તમામ નેતાઓની ધરપકડ થયા બાદ તેમણે સત્યાગ્રહીઓનું નેતૃત્વ કર્યું હતું.
- ભારતમાં પ્લેગના રોગચાળા દરમિયાન લોકોની સેવા કરવા માટે બ્રિટિશ સરકારે ''કેસર–એ–હિંદ''નું બિરુદ આપ્યું હતું. જે જલિયાવાલા બાગ હત્યાકાંડના બનાવ બાદ પરત કર્યું હતું.
- સ્વતંત્રતા બાદ તેમની ઉત્તરપ્રદેશના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. જે ભારતના પ્રથમ મહિલા રાજ્યપાલ હતા.
- સરોજિની નાયડુ ભારતમાં હિન્દુ–મુસ્લિમ એકતાના પ્રબળ સમર્થક હતા. તથા તેમની કવિતાઓ માટે તેમને 'ભારતની બુલબુલ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

## Googleનું નવું AI ચેટબોટ : Bard

માઈક્રોસોફ્ટે નવેમ્બર 2022માં Chat-GPT લોન્ચ કર્યુ હતું.

- ટેક્નોલોજિસ્ટ માને છે કે Chat-GPT ખૂબ એડવાન્સ છે અને તે Googleના બિઝનેસને નુકસાન પહોંચાડી શકે છે. માત્ર પાંચ દિવસમાં Chat-GPT યુઝર્સની સંખ્યા વધીને 10 લાખ થઈ ગઈ હતી.
- Chat-GPTનો સામનો કરવા માટે ગૂગલે તાજેતરમાં 'બાર્ડ (Bard)' રજૂ કર્યુ છે. બાર્ડની પદ્ધતિ Chat-GPT જેવી જ છે, જે વાતચીતની શૈલી છે.

### બાર્ડ શું છે ?

બાર્ડ (Bard) એ લેંગ્વેજ મોડલ ફોર ડાયલોગ એપ્લીકેશન્સ (Lamda) પર આધારિત છે, જે Googleની પોતાની વાતચીત AI ચેટબોટ છે.

- તે વાતચીત અને નિબંધ–શૈલીના જવાબો અત્યંત ચોકસાઈ સાથે આપશે. જેમ કે ChatGPT અત્યારે આપે છે.
- જોકે, મોડલ હાલમાં Lamdaનું 'હળવું' વર્ઝન છે અને નોંધપાત્ર રીતે ઓછી કમ્પ્યૂટિંગ પાવરની જરૂર છે, જે તેને વધુ વપરાશકર્તાઓ સુધી પહોંચવામાં સક્ષમ બનાવે છે.
- હાલમાં તે પ્રાયોગિક તબક્કામાં છે અને માત્ર વિશ્વાસપાત્ર પરીક્ષકો માટે જ સુલભ છે.
- બાર્ડ ટ્રાન્સફોર્મર ટેક્નોલોજી પર બનેલ છે, જે ChatGPT અને અન્ય AI બોટોની કરોડરજ્જુ છે.
- નોંધનીય છે કે ટ્રાન્સફોર્મર ટેક્નોલોજીને Google દ્વારા બનાવવામાં આવી હતી અને વર્ષ 2017માં બધા માટે ઓપન સોર્સ તરીકે શરૂ કરવામાં આવી હતી.
- ટ્રાન્સફોર્મર ટેક્નોલોજી એ ન્યુરલ નેટવર્ક આર્કિટેક્ચર છે જે ઈનપુટ્સના આધારે આગાહી કરવા સક્ષમ છે. અને તેનો ઉપયોગ મુખ્યત્વે કુદરતી ભાષા પ્રક્રિયા અને કમ્પ્યૂટર તકનીકમાં થાય છે.
- આર્કિટેક્ચર એ નિર્ધારિત કરે છે કે નેટવર્ક કેવી રીતે માહિતીની પ્રક્રિયા કરે છે અને તે ચોક્કસ સમસ્યાને ઉકેલવામાં તેની ચોકસાઈ અને કાર્યક્ષમતાને કેવી રીતે અસર કરે છે. સામાન્ય આર્કિટેક્ચરમાં ફીડફોરવર્ડ નેટવર્ક્સ, રિકરન્ટ નેટવર્ક્સ અને કન્વોલ્યુશન ન્યુરલ નેટવર્ક્સનો સમાવેશ થાય છે.

### ChatGPT અને Bard વચ્ચેનો તફાવત

**માહિતી એક્સેસ**

Bard પાસે ફ્રેશ, ઉચ્ચ–ગુણવત્તાવાળા પ્રતિસાદો આપવા માટે વેબ પરથી માહિતી મેળવવાની ક્ષમતા છે.

- ChatGPT ઈન્ટરનેટ પરથી રીઅલ–ટાઈમ માહિતીને એક્સેસ કરી શકતું નથી તેના ભાષા મોડેલને ઈનપુટ પર આધારિત ટેક્સ્ટ જનરેટ કરવા માટે વિશાળ ડેટાસેટ પર તાલીમ આપવામાં આવી હતી. અને તેમાં 2021 સુધી માત્ર માહિતી શામેલ છે.

### જનરેટ કરેલ પ્રતિસાદો

- Bard એવા જવાબોનું સંશ્લેષણ કરે છે જે પ્રશ્નો માટે અલગ–અલગ અભિપ્રાયોને પ્રતિબિંબિત કરે છે જ્યાં સ્પષ્ટ જવાબ ન હોય.
- ChatGPT ચોક્સાઈની વિવિધ ડિગ્રી સાથે જટિલ પ્રશ્નોના જવાબ આપે છે પરંતુ તેના તાલીમ ડેટાસેટમાં ઉપલબ્ધ માહિતી દ્વારા મર્યાદિત છે.

## AI આધારિત જનરેટિવ ચેટબોટ્સની ચિંતાઓ

નિષ્ણાતોએ ધ્યાન દોર્યું છે કે Google અને OpenAI તરફથી ટેક્સ્ટ જનરેશન સોફ્ટવેર, આકર્ષક અને છટાદાર હોવા છતા અચોક્સતાઓનું જોખમ હોઈ શકે છે.

- દ્વેષપૂર્ણ ભાષણ અને વંશીય અને લિંગ પૂર્વગ્રહો અને સ્ટીરિયોટાઈપ્સ જેવી સામગ્રી સહિત, વાસ્તવિક સમયમાં ઈન્ટરનેટ પર શોધવાની આ ક્ષમતા સમસ્યાઓનું કારણ બની શકે છે, તેમજ આ નવા ઉત્પાદનોના મૂલ્યમાં ઘટાડો કરી શકે છે.
- કુદરતી ભાષાની પ્રક્રિયા સાથે પણ તેઓ ગ્રાહકના ઈનપુટને સંપૂર્ણપણે સમજી શકતા નથી અને અસંગમ જવાબો આપી શકે છે.
- ચેટબોટ્સ વ્યવસાયો અને અન્ય હિસ્સેદારો માટે અનન્ય લાભો પ્રદાન કરે છે. પરંતુ તેના વર્તમાન તબક્કે ચેટબોટ્સમાં સુક્ષમતા નિર્ણાયક–વિચાર કૌશલ્ય અથવા નૈતિક નિર્ણય લેવાની ક્ષમતાનો અભાવ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ત્રીજી ASEAN ડિજિટલ મંત્રીઓની બેઠક




<u>આસિયાન ડિજિટલ મંત્રીઓની ત્રીજી</u> બેઠક તાજેતરમાં વર્ચ્યુઅલ યોજાઈ હતી.

- આ બેઠકની થીમ '<u>Synergy Towards a Sustainable Digital Future</u>' છે.
- આ બેઠકમાં <u>ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી (ICT)</u>ના ક્ષેત્રમાં <u>ભારત અને ASEAN</u> વચ્ચેના સંબંધોને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

- ભારતે નિષ્પક્ષ પ્રતિસ્પર્ધાને પ્રોત્સાહન આપવા અને બ્રોડબેન્ડ તથા ટેલિકોમ કનેક્ટિવિટી વધારવા માટે સુધારા માટે દબાણ કર્યું હતું.
- આ બેઠકમાં એક સમાવિષ્ટ અને સમાન સમાજ બનાવવા, ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા અને ડિજિટલ માધ્યમો દ્વારા નાગરિકોને સશક્ત બનાવવાના માધ્યમ તરીકે ડિજિટલ પરિવર્તનના મહત્વ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો.
- ભારત–આસિયાન ડિજિટલ એક્શન પ્લાન 2023 મંજૂર કરવામાં આવ્યો છે.
- જેમાં સાયબર સિક્યુરિટીમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, નેક્સ્ટ જનરેશન સ્માર્ટ સિટીમાં IOT અને AI જેવા ક્ષેત્રોમાં નિર્માણ અને જ્ઞાનની વહેંચણી માટેની પહેલ અને ડિજિટલ સ્વાસ્થ્ય તથા સલામતીના અમલીકરણમાં ICTની ભૂમિકાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ASEAN

ASEANનું પૂરું નામ 'Association of Southeast Asian Nations' છે.

- આસિયાન એ દક્ષિણ–પૂર્વ એશિયાના 10 દેશોનું સંગઠન છે.
- તેના સભ્ય દેશોમાં બ્રુનેઈ, ઈન્ડોનેશિયા, કંબોડિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામનો સમાવેશ થાય છે.
- ભારત આસિયાનનું સભ્ય નથી.
- 8 ઓગસ્ટ, 1967ના રોજ થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં આસિયાનની સ્થાપના થઈ હતી.
- આસિયાનનું સચિવાલય ઈન્ડોનેશિયાના જકાર્તા ખાતે આવેલું છે.

## આસિયાન સાથે ભારતનો સંબંધ

ભારત અને આસિયાન વચ્ચેના સંબંધો રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક અને સુરક્ષાના પરિમાણોને સમાવિષ્ટ કરીને લાંબા સમયથી ચાલતા અને બહુપક્ષીય છે.

- 1990ના દાયકામાં ભારતે 'લુક ઈસ્ટ પોલિસી' શરૂ કરી ત્યારથી ભારત–આસિયાન દ્વિપક્ષીય સંબંધોમાં નોંધપાત્ર વિકાસ જોવા મળ્યો છે.
- વર્ષ 2014માં મુખ્યત્વે દક્ષિણ–પૂર્વ એશિયાના દેશો સાથે આર્થિક અને વ્યૂહાત્મક સંબંધો વિકસાવવા માટે આ પહેલને 'એક્ટ ઈસ્ટ પોલિસી'માં બદલાવવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- ભારત **1992**માં **ASEANના પ્રાદેશિક ભાગીદાર** તરીકે ઉભરી આવ્યું હતું, ત્યારબાદ **1996**માં **સંવાદ ભાગીદાર** અને **2002**માં **સમિટ–સ્તરના ભાગીદાર** તરીકે ઉભરી આવ્યું હતું.
- **આસિયાન–ઈન્ડિયા ટ્રેડ ઈન ગુડ્સ એગ્રીમેન્ટ (AITIGA)** પર **વર્ષ 2009**માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે **1 જાન્યુઆરી, 2010**ના રોજ અમલમાં આવ્યા હતા.
- આ ઉપરાંત ભારત પાસે આસિયાન ક્ષેત્રના વિવિધ દેશો (સિંગાપોર, મલેશિયા અને થાઈલેન્ડ) સાથે **વ્યાપક આર્થિક સહકાર કરાર (CECA)** છે, જેના પરિણામે રાહત વેપાર રોકાણમાં વધારો થયો છે.
- ભારતે આસિયાન દેશો સાથેના સંબંધો મજબૂત કરવા માટે વર્ષ 2015માં આસિયાન અને પૂર્વ એશિયા સમિટ માટે અલગ મિશન શરૂ કર્યુ હતું.

## તરકશ અભ્યાસ (Exercise TARKASH)

**'નેશનલ સિક્યુરિટી ગાર્ડ' (NSG)** અને **'યુનાઈટેડ નેશન્સ સ્પેશિયલ ઓપરેશન ફોર્સ' (SOF)** દ્વારા તાજેતરમાં **'તરકસ અભ્યાસ' (અથવા તારકશ અભ્યાસ)** હાથ ધરવામાં આવ્યો હતો.



- આ અભ્યાસ અથવા કવાયત **તમિલનાડુના ચેન્નાઈ** ખાતે યોજાયો હતો.
- સામાન્ય રીતે લશ્કરી કવાયત સૈનિકોની કુશળતા અને શસ્ત્રોના ઉપયોગને વધારવા પર ધ્યાન કેન્દ્રીત કરે છે.
- પરંતુ પ્રથમ વખત આ કવાયતમાં **'કેમિકલ, બાયોલોજિકલ, રેડિયોલોજિકલ અને ન્યુક્લિયર (CBRN) ટેરર રિસ્પોન્સ'**નો સમાવેશ કરવામાં આવ્યો હતો.
- આ સંયુક્ત કવાયતનો ઉદ્દેશ્ય આતંકવાદીઓને ઝડપથી નિષ્ક્રિય કરવાનો, બંધકોની મુક્તિ સુરક્ષિત કરવાનો અને આતંકવાદી દ્વારા વહન કરવામાં આવતા રાસાયણિક હથિયારોને નિષ્ક્રિય કરવાનો હતો.
- CBRN શસ્ત્રો, જેને **વેપન્સ ઓફ માસ ડિસ્ટ્રક્શન (WMD)** તરીકે પણ વર્ગીકૃત કરવામાં આવે છે, ભૂતકાળમાં વિવિધ દેશો અને આતંકવાદી જૂથો દ્વારા તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- CBRNનો સૌથી તાજેતરનો ઉપયોગ સીરિયામાં સરીન ગેસ હુમલાના રૂપમાં વર્ષ 2017માં જોવા મળ્યો હતો.
- CBRN સામે ઉપયોગમાં લેવાતી તાલીમ અને વ્યૂહરચનાઓને **CBRN ટેરર રિસ્પોન્સ** કહેવામાં આવે છે. CBRN શસ્ત્રો સામૂહિક વિનાશનું કારણ બની શકે છે.

ICE INSTITUTE FOR COMP

1. 'વિશ્વ રેડિયો દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 11 ફેબ્રુઆરી (B) 12 ફેબ્રુઆરી (C) 13 ફેબ્રુઆરી (D) 14 ફેબ્રુઆરી

(C)

2. વર્ષ 2023ના 'વિશ્વ રેડિયો દિવસ'ની થીમ શું છે ?

(A) Radio and Sports (B) Radio and Diversity

(C) Radio and You (D) Radio and Peace

(D)

3. ભારતમાં કોનો જન્મ દિવસ 13 ફેબ્રુઆરી 'રાષ્ટ્રીય મહિલા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે ?

(A) શ્રીમતી સરોજિની નાયડુ (B) શ્રીમતી ઈન્દિરા ગાંધી

(C) શ્રીમતી સુચેતા કૃપલાણી (D) ડો એની બેસન્ટ

(A)

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'બાર્ડ (Bard)' શું છે ?

(A) ભારત અને જાપાન વચ્ચેની સાયબર કવાયત (B) ગૂગલનું નવું AI ચેટબોટ

(C) ISROના SSLVનું એન્જિન (D) એમેઝોન દ્વારા શરૂ કરવામાં આવેલ પહેલ

(B)

5. તાજેતરમાં કેટલામી ASEAN ડિજિટલ મંત્રીઓની બેઠક યોજાઈ હતી ?

(A) બીજી (B) ત્રીજી (C) ચોથી (D) પાંચમી

(B)

6. આસિયાનની સ્થાપના ક્યારે થઈ હતી ?

(A) 1980 (B) 1971 (C) 1967 (D) 1960

(C)

7. તાજેતરમાં 'તરકશ અભ્યાસ' (TARKASH Exercise) કોની વચ્ચે યોજાયો હતો ?

(A) નેશનલ સિક્યોરિટી ગાર્ડ (NSG) અને યુએસ સ્પેશિયલ ઓપરેશન ફોર્સિસ (SOF)

(B) નેશનલ સિક્યોરિટી ગાર્ડ (NSG) અને જાપાન સ્પેશિયલ ઓપરેશન ફોર્સિસ (SOF)

(C) નેશનલ સિક્યોરિટી ગાર્ડ (NSG) અને યુએઈ સ્પેશિયલ ઓપરેશન ફોર્સિસ (SOF)


(D) નેશનલ સિક્યોરિટી ગાર્ડ (NSG) અને રશિયન સ્પેશિયલ ઓપરેશન ફોર્સિસ (SOF)

(A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 14 ફેબ્રુઆરી, માતૃપિતૃ પૂજન દિવસ

ભારતમાં દર વર્ષે 14 ફેબ્રુઆરીના રોજ 'વેલેન્ટાઈન્સ ડે'ના વિકલ્પ તરીકે 'માતૃપિતૃ પૂજન દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે.




- આ દિવસે ગુજરાત સહિત ભારતના કેટલાક રાજ્યોની સ્કૂલોમાં સ્કૂલના બાળકો દ્વારા તેમના માતા–પિતાની પૂજા કરવામાં આવે છે.
- ભારતમાં આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2007થી થયો હતો.

**નોંધ :** (1) વિશ્વમાં અનેક દેશોમાં દર વર્ષે 14 ફેબ્રુઆરીના રોજ 'વેલેન્ટાઈન્સ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

(2) સંત વેલેન્ટાઈન્સની યાદમાં ઉજવાતા આ દિવસને 'સંત વેલેન્ટાઈન્સ ડે' તરીકે પણ ઓળખવામાં આવે છે.

ICE FOR COMPETITIVE EXAMS

## 12 રાજ્યો અને 1 કેન્દ્રશાસિત પ્રદેશમાં નવા રાજ્યપાલોની નિમણૂક

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ ભારતના 12 રાજ્યો અને 1 કેન્દ્રશાસિત પ્રદેશમાં એમ 13 નવા રાજ્યપાલની નિમણૂક કરી છે.

- જેમાં છ નવા રાજ્યપાલની નિમણૂક કરવામાં આવી છે તથા અન્ય સાતને રાજ્યોમાં ફેરબદલ કરવામાં આવ્યા હતા.



## 13 નવા રાજ્યપાલ

| ક્રમ | રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશ | નવા રાજ્યપાલ | કોની જગ્યાએ |
|---|---|---|---|
| 1 | અરુણાચલ પ્રદેશ | લેફટનન્ટ જનરલ કૈવલ્ય ત્રિવિક્રમ પારનાઈક (નિવૃત્ત) | શ્રી બી. ડી. મિશ્રા |
| 2 | સિક્કિમ | શ્રી લક્ષ્મણ પ્રસાદ આચાર્ય | શ્રી ગંગા પ્રસાદ |
| 3 | ઝારખંડ | શ્રી સી.પી. રાધાકૃષ્ણન | શ્રી રમેશ બૈસ |
| 4 | હિમાચલ પ્રદેશ | શ્રી શીવ પ્રતાપ શુક્લા | શ્રી રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર |
| 5 | આસામ | શ્રી ગુલાબચંદ કટારિયા | પ્રોફેસર જગદીશ મુખી |
| 6 | આંધ્રપ્રદેશ | શ્રી એસ. અબ્દુલ નઝીર | શ્રી બિશ્વભૂષણ હરિચંદન |
| 7 | છત્તીસગઢ | શ્રી બિશ્વભૂષણ હરિચંદન | શ્રીમતી અનુસુઈયા ઉઈકે |
| 8 | મણિપુર | શ્રીમતી અનુસુઈયા ઉઈકે | શ્રી લા ગણેશન |
| 9 | નાગાલેન્ડ | શ્રી લા ગણેશન | શ્રી જગદીશ મુખી (વધારાનો ચાર્જ હતો) |
| 10 | મેઘાલય | શ્રી ફાગુ ચૌહાણ | શ્રી બી.ડી. મિશ્રા (વધારાનો ચાર્જ હતો) |
| 11 | બિહાર | શ્રી રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર | શ્રી ફાગુ ચૌહાણ |
| 12 | મહારાષ્ટ્ર | શ્રી રમેશ બૈસ | શ્રી ભગતસિંહ કોશિયારી |
| 13 | લદ્દાખ | બ્રિગેડિયર બી.ડી. મિશ્રા (નિવૃત્ત) | શ્રી રાધા ક્રિષ્ન માથુર |

## રાજ્યપાલ વિશે બંધારણીય જોગવાઈ

### રાજ્યપાલની નિમણૂક (Appoinment of The Governor)

ભારતીય બંધારણના અનુચ્છેદ–155 મુજબ રાજ્યના રાજ્યપાલને રાષ્ટ્રપતિ પોતાની સહી સિક્કાવાળા આદેશપત્રથી નિમણૂક કરે છે.

- જેવી રીતે કેન્દ્રીય શાસન વ્યવસ્થાનું સૌથી મહત્વપૂર્ણ અંગ 'રાષ્ટ્રપતિ' છે. તેવી જ રીતે રાજ્યનું મહત્ત્વપૂર્ણ પદ એટલે રાજ્યપાલ.
- રાજ્યપાલ એ રાજ્ય વિધાનમંડળના સભ્ય નથી પરંતુ રાજ્ય વિધાનમંડળના અભિન્ન અંગ છે.
- મૂળ બંધારણના અનુચ્છેદ– 153માં રાજ્યના એક રાજ્યપાલ રહેશે.

- પરંતુ 7 મા બંધારણીય સુધારા અધિનિયમ, 1956 દ્વારા તેમાં ઉમેરવામાં આવ્યું કે કોઈ એક જ વ્યક્તિને બે અથવા વધુ રાજ્યોના રાજ્યપાલ બનાવી શકાય છે.
- ભારતમાં રાજ્યપાલની નિમણૂકની પ્રક્રિયા કેનેડાના બંધારણમાંથી લેવાયેલ છે. જ્યારે રાજ્યપાલનો કાર્યકાળ ભારત સરકાર અધિનિયમ, 1935માંથી લેવામાં આવ્યો છે.

## રાજ્યપાલનો કાર્યકાળ (Term of Office)

ભારતીય બંધારણના અનુચ્છેદ–156માં રાજ્યપાલના પદના કાર્યકાળ સંબંધિત જોગવાઈઓ કરવામાં આવી છે. જે અંતર્ગત મુખ્ય ત્રણ બાબતો સૂચવવામાં આવી છે :

(a) રાજ્યપાલ રાષ્ટ્રપતિની મરજી સુધી પોતાના પદ પર રહી શકે છે.

(b) સામાન્ય રીતે રાજ્યપાલ 5 વર્ષ સુધી પોતાના પદ પર રહી શકે છે અને જો કાર્યકાળ પૂરો થઈ ગયો હોય તો જ્યાં સુધી નવા રાજ્યપાલ કાર્યભાર ન સંભાળે ત્યાં સુધી પોતાના પદ પર રહે છે.

(c) જો રાજ્યપાલ પોતાની ઈચ્છાથી પદ મુક્ત થવા માગતા હોય તો તે પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિને આપી શકે.

- રાજ્યપાલનું પદ એ રાષ્ટ્રપતિની મરજી અંતર્ગતનું પદ છે. જેનો અર્થ એ થાય છે કે 5 વર્ષનો કાર્યકાળ પૂરો થયા બાદ રાષ્ટ્રપતિ તે રાજ્યપાલને તે જ રાજ્યના કે અન્ય રાજ્યના રાજ્યપાલ તરીકે નિમણૂક કરી શકે છે. રાષ્ટ્રપતિ ઈચ્છે તો કાર્યકાળ પૂરો થાય તે પહેલા પણ અન્ય રાજ્યમાં બદલી કરી શકે છે.
- અહીં એ ખાસ યાદ રાખવું કે રાષ્ટ્રપતિની મરજીનો વાસ્તવિક અર્થ મંત્રીપરિષદની મરજી સુધી થાય કારણ કે રાજ્યપાલને પદ પરથી દૂર કરવાની સત્તાનો ઉપયોગ રાષ્ટ્રપતિ માત્ર મંત્રીપરિષદની સલાહથી જ કરી શકે છે.

## રાજ્યપાલ બનવા માટેની લાયકાત

ભારતીય બંધારણના અનુચ્છેદ–157 અનુસાર જો કોઈ વ્યક્તિ નીચે મુજબની લાયકાત ધરાવતા હોય તો તે રાજ્યપાલ બની શકે છે.

**રાજ્યપાલ બનવા માટેની લાયકાત**
- ભારતના નાગરિક હોવા જોઈએ
- તે વ્યક્તિ સંસદના કે રાજ્ય વિધાનમંડળના કોઈપણ ગૃહના સભ્ય હોવા જોઈએ નહીં
- 35 વર્ષથી વધુ ઉંમર હોવી જોઈએ
- કેન્દ્ર કે રાજ્ય સરકાર અંતર્ગતની સેવાઓમાં લાભનું પદ ધરાવતા ન હોવા જોઈએ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રાજ્યપાલના વેતન અને ભથ્થા

ભારતીય બંધારણના અનુચ્છેદ–158મા રાજ્યપાલનુ મળવા પાત્ર વેતન અને અન્ય લાભો વિશેની જોગવાઈઓ કરવામાં આવી છે :

- રાજ્યપાલ વેતન, ભથ્થા અને વિશેષાધિકાર દેશની સંસદ કાયદા દ્વારા નક્કી કરે તે પ્રમાણે મળશે. હાલમાં રાજ્યપાલનું વેતન 3 લાખ 50 હજાર રૂપિયા પ્રતિમાસ છે.
- જો કોઈ વ્યક્તિની બે કે તેથી વધુ રાજ્યના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવે તો તેમને રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરવામાં આવતાં વેતન અને ભથ્થા મળશે.
- રાજ્યપાલને જે સરકારી આવાસ આપવામાં આવે છે. તે 'રાજભવન' તરીકે ઓળખાય છે.

## શપથ

- ભારતીય બંધારણના અનુચ્છેદ– 159 મુજબ રાજ્યપાલે પોતાનો હોદ્દો ધારણ કર્યા પહેલા રાજ્યની ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ અથવા તેમના દ્વારા નિયુક્ત વ્યક્તિ સમક્ષ શપથ લેવાના હોય છે.

## રાજ્યપાલના વિશેષધિકારો

ભારતીય બંધારણના અનુચ્છેદ– 361માં રાજ્યપાલને અમુક છુટછાટ અંગેની જોગવાઈ છે. જે નીચે મુજબ છે :

- અનુચ્છેદ– 361 (1) : રાજ્યોના રાજ્યપાલને પોતાના કાર્યકાળ દરમિયાન કરેલા કોઈપણ કાર્ય કે નિર્ણય માટે કોઈ ન્યાયાલયને જવાબદાર નથી. અર્થાત્ તે બાબતે કોઈ ન્યાયિક પ્રક્રિયા થઈ શકે નહીં.
- અનુચ્છેદ– 361 (2) : રાજ્યપાલ પોતાના પદ પર કાર્યરત હોય ત્યારે તેમના વિરુધ્ધ ન્યાયાલયમાં કોઈપણ પ્રકારની સજાકીય કે ગુનાહિત કાર્યવાહી કરી શકાય નહીં.
- અનુચ્છેદ– 361 (3) : રાજ્યપાલ પોતાના પદ પર કાર્યરત હોય તે દરમિયાન તેમની ધરપકડનો આદેશ આપવાનો અધિકાર દેશની કોઈ કોર્ટ પાસે નથી.
- અનુચ્છેદ– 361 (4) : અનુચ્છેદ 361 (4) માં જોગવાઈ કરવામાં આવી છે કે રાજ્યપાલના વ્યક્તિગત કાર્યો વિરુધ્ધ ન્યાયાલયમાં દીવાની કાર્યવાહી કરી શકાય છે. પરંતુ તે માટે નીચે પ્રમાણેની ત્રણ અગત્યની બાબતો ધ્યાને લેવામાં આવે છે :

(a) તે અંગેની લેખિત સૂચના રાજ્યપાલને આપવી જરૂરી છે.

(b) આ સુચના આપ્યા બાદ ઓછામાં ઓછા બે મહિનાનો સમય આપવો આવશ્યક છે.

(c) રાજ્યપાલને લેખિતમાં આપવામાં આવેલી સૂચનામાં દાવો કરનારનું નામ, સરનામું, કાર્યવાહી અને માંગવામાં આવેલ ન્યાય અંગેનું વિવરણ હોવું જોઈએ.

## રાજ્યપાલ વિશે મહત્વના અનુચ્છેદ

| અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|
| અનુચ્છેદ 153 | રાજ્યોના રાજ્યપાલ |
| અનુચ્છેદ 154 | રાજ્યપાલની કારોબારી સત્તા |
| અનુચ્છેદ 155 | રાજ્યપાલની નિમણૂક રાષ્ટ્રપતિ કરશે |
| અનુચ્છેદ 156 | રાજ્યપાલનો કાર્યકાળ |
| અનુચ્છેદ 157 | રાજ્યપાલ બનવાની લાયકાત |
| અનુચ્છેદ 158 | રાજ્યપાલ પદની અન્ય શરતો |
| અનુચ્છેદ 159 | રાજ્યપાલના શપથ |
| અનુચ્છેદ 160 | કેટલાક આકસ્મિક સંજોગોમાં રાજ્યપાલનના કાર્યોનું વિતરણ |
| અનુચ્છેદ 161 | રાજ્યપાલની સજા ક્ષમાદાન શક્તિ |
| અનુચ્છેદ 162 | રાજ્યની કારોબારી સત્તાનો વિસ્તાર |

## રાજા રામ મોહન રાય રાષ્ટ્રીય પુરસ્કાર 2023 : પત્રકાર એ.બી.કે.પ્રસાદની પસંદગી

પત્રકાર શ્રી એ.બી.કે. પ્રસાદને પત્રકારત્વમાં તેમના યોગદાન માટે વર્ષ 2023ના 'રાજા રામ મોહન રાય રાષ્ટ્રીય પુરસ્કાર' માટે પસંદગી કરવામાં આવી છે.



- પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દર વર્ષે દંતકથા નામે એવોર્ડ રજૂ કરે છે.
- શ્રી એ.બી.કે. પ્રસાદે તેમના જીવનના 75 વર્ષ પત્રકારત્વને સમર્પિત કર્યા છે.
- તેમણે આંધ્રપ્રદેશમાં મુખ્ય જર્નલમાં સંપાદક તરીકે કામ કર્યુ છે.
- ઉપરાંત તેમણે 2004 અને 2009ની વચ્ચે રાજભાષા કમિશનના અધ્યક્ષ તરીકે પણ કામ કર્યુ હતું.

નોંધ : (1) પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા 1966માં રચાયેલ એક વૈધાનિક સંસ્થા છે. તે દેશમાં પ્રેસ અને તેમની ક્રિયાઓ પર નજર રાખે છે.


(2) સામાન્ય રીતે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશને પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવે છે.

(3) કોઈપણ વ્યક્તિ પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયામાં કોઈપણ પ્રેસ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી શકે છે.

## શ્રી રાજારામ મોહનરાય વિશે

રાજા રામમોહનરાયનો જન્મ હુગલી જિલ્લાના રાધાનગર ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ રમાકાન્ત અને માતાનું નામ તારિણીદેવી હતું. તેમણે 1815માં 'વેદાંત સૂત્ર'નો બંગાળી ભાષામાં અને 1816માં 'વેદાંતસાર'નો બંગાળીમાં તેમજ 'વેદાંત'નો અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો.

- રાજા રામમોહનરાયે ડેવિડ હાયરની મદદથી 1817માં હિન્દુ કોલેજની કલકત્તામાં સ્થાપના કરી હતી.
- ઈ.સ. 1823માં 'The Encrochment on the Right of the Hindu Females' નામનું પુસ્તક લખ્યું હતું.



- તેમણે ઈ.સ. 1814માં કલકત્તામાં 'આત્મીયસભા'ની સ્થાપના કરી હતી.
- તેમણે ઈ.સ. 1825માં કલકત્તામાં 'વેદાંત કોલેજ'ની સ્થાપના કરી હતી.
- 20 ઓગસ્ટ, 1828ના રોજ બ્રહ્મોસમાજની સ્થાપના કરવામાં આવી હતી.
- રાજા રામમોહનરાયે બાળલગ્ન, સતીપ્રથા અને પડદાપ્રથા નાબુદ કરવા માટે પ્રયત્નો કર્યા હતા.
- રાજા રામમોહનરાયને રવિન્દ્રનાથ ટાગોરે 'ભારતીય પુનર્જાગરણના પિતા' અને 'ભારતીય રાષ્ટ્રવાદના પ્રવર્તક' તરીકે બિરદાવ્યા હતા.
- મુઘલ બાદશાહ અકબર બીજાએ રામ મોહનરાયને રાજાનું બિરૂદ આપ્યું હતું.
- રાજા રામમોહન રાયે એકેશ્વરવાદનો પ્રચાર કર્યો હતો.
- તેમણે 'સંવાદકૌમુદી'(બંગાળીમાં) અને 'મિરાત ઉલ અખબાર'(ફારસીમાં) સમાચાર પત્રો શરૂ કર્યા હતા.
- તેમણે કલકત્તામાં હિન્દુ કોલેજની સ્થાપના કરી હતી. જે આગળ જતાં 'પ્રેસીડેન્સી કોલેજ' તરીકે ઓળખાઈ.
- બ્રહ્મોસમાજ સાથે દેવેન્દ્રનાથ ટાગોર જોડાયા હતા. જેમણે 'તત્ત્વ બોધીની' પત્રિકા શરૂ કરી હતી.
- રાજા રામમોહનરાયનું 1833માં ઈંગ્લેન્ડમાં મૃત્યુ થતાં બ્રહ્મોસમાજનું નેતૃત્વ દેવેન્દ્રનાથ ટાગોરે સંભાળ્યું હતું.
- રાજા રામમોહનરાય મુઘલ બાદશાહની સંપત્તિનો કેસ લડવા બ્રિટન ગયા હતા. જ્યાં બ્રિસ્ટોલ ખાતે તેમનું મૃત્યુ થયું હતું.
- દેવેન્દ્રનાથ ટાગોરના પ્રભાવથી 'કેશવચંદ્રસેન' બ્રહ્મોસમાજ સાથે જોડાયા જેમણે ધાર્મિક વિચારોના આદાનપ્રદાન માટે 'સંગીતસભા' બનાવી.
- કેશવચંદ્ર સેન અને દેવેન્દ્રનાથ વચ્ચે મતભેદ થતા બંને અલગ થઈ કેશવચંદ્ર સેને 'The Bramhosamaj of India' ની સ્થાપના કરી જ્યારે મૂળ શાખા 'આદિ બ્રહ્મોસમાજ' તરીકે ઓળખાઈ.

- કેશવચંદ્ર સેનના પ્રયત્નોથી 1872માં બાળલગ્ન અને બહુપત્નીત્વ પ્રથા પ્રતિબંધક કાયદાઓ લાગુ પડાયા. પરંતુ કેશવચંદ્ર સેને પોતાની સગીરવયની પુત્રીના લગ્ન બિહારના રાજવી સાથે કરતા તેનો વિરોધ કરી કેટલાક સભ્યોએ અલગ થઈ 'સાધારણ બ્રહ્મોસમાજ'ની સ્થાપના કરી.
- શિવનાથ શાસ્ત્રી અને આનંદમોહન બોઝે 'સાધારણ બ્રહ્મોસમાજ'ની સ્થાપના કરી હતી.

## દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે : વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રથમ તબક્કાનું ઉદ્‌ઘાટન કર્યું



12 ફેબ્રુઆરી, 2023ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજસ્થાનના દૌસા જિલ્લામાં 'દિલ્હી–મુંબઈ એક્સપ્રેસ વે'ના 246 કિલોમીટર લાંબા દિલ્હી–દૌસા–લાલસોટ પ્રથમ વિભાગનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

- તેનાથી હરિયાણાના સોહાના અને રાજસ્થાનના દૌસા વચ્ચેનો મુસાફરીનો સમય ઘટીને 2.5 કલાક થઈ જશે, પહેલા તે 5 કલાકનો હતો.

નોંધ: (1) સૌહાના અને દૌસા વિભાગ એ ગુરુગ્રામ, પલવલ અને નૂહ જિલ્લામાંથી પસાર થશે.

(2) આ વિભાગ ગુરુગ્રામના 11 થી વધુ મોટા ગામોને આવરી લેશે : નૂહમાં 47 અને પલવલમાં 7 ગામો છે. તેને મુંબઈ–દિલ્હી એક્સપ્રેસ વે સાથે જોડવામાં આવશે.

(3) તેના નિર્માણ દરમિયાન વિશ્વ વિક્રમ સર્જાયો હતો. માત્ર 100 કલાકમાં 50 કિમીના અંતર પર ઉચ્ચતમ ગુણવત્તાનું ગાઢ બિટ્યુમેન લાગુ કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

### દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે

તે 1380 કિલોમીટરનો આઠ લેન વાળો એક્સપ્રેસ વે છે. જેને ટ્રાફિક દબાણના આધારે 12 લેન એક્સપ્રેસ વે સુધી લંબાવી શકાય છે.

- આ એક્સપ્રેસ વે વિશ્વનો સૌથી લાંબો હાઈવે હશે અને માર્ચ 2023 સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે.
- આ લેન પર રિસોર્ટ, રેસ્ટોરન્ટ, ફૂડ કોર્ટ, ફ્યુઅલ સ્ટેશન, ટ્રક ડ્રાઈવરો માટે સુવિધા, લોજિસ્ટિક્સ પાર્ક જેવી જાહેર સુવિધાઓ પણ ઉપલબ્ધ હશે.
- અકસ્માત પીડિતો માટે હેલિકોપ્ટર એમ્બ્યુલન્સ સેવા અને હેલીપોર્ટ હશે જે વ્યાવસાયિક હેતુઓ માટે ડ્રોન સેવાઓનો પણ ઉપયોગ કરશે.

- આ એક્સપ્રેસ વે એશિયાનો પ્રથમ અને વિશ્વનો બીજો એવો એક્સપ્રેસ વે છે કે જેમાં વન્યજીવોની અવર–જવર માટે પ્રાણી ઓવરપાસ ધરાવે છે.
- આ ઉપરાંત તેમાં બે આઈકોનિક આઠ–લેન ટનલનો પણ સમાવેશ થશે.
- એક ટનલ મુકુન્દ્રા અભયારણ્ય રાજસ્થાનમાંથી પસાર થશે અને બીજી મહારાષ્ટ્રના માથેરાન ઈકો–સેન્સિટિવ પ્રદેશમાંથી પસાર થશે.
- આ પ્રોજેક્ટ ભારતના આર્થિક હબ જેવા કે જયપુર, અજમેર, કિશનગઢ, ચિત્તોડગઢ, કોટા, ઉદયપુર, ઉજ્જૈન, ભોપાલ, ઈન્દોર, વડોદરા, અમદાવાદ અને સુરત સાથે જોડાણમાં સુધારો કરે તેવી અપેક્ષા છે.
- તેના પરિણામે 320 મિલિયન લીટરથી વધારે વાર્ષિક ઈંધણની બચત થશે અને $CO_2$ ઉત્સર્જનમાં પણ ઘટાડો થશે.
- આ પ્રોજેક્સથી હજારો લોકોને રોજગારી પણ મળી શકે છે.
- સમગ્ર એક્સપ્રેસ વેનું નિર્માણ પર્યાવરણને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. આ એક્સપ્રેસ વે પર સંખ્યાબંધ વૃક્ષો પણ રોપવામાં આવશે.

**નોંધ :** આ પ્રોજેક્ટનો પાયો 8 માર્ચ, 2019ના રોજ શ્રી નીતિન ગડકરી, શ્રીમતી સુષ્મા સ્વરાજ અને શ્રી અરૂણ જેટલી દ્વારા નાખવામાં આવ્યો હતો.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## HAL મોરેશિયસમાં ALH MK3 હેલિકોપ્ટર નિકાસ કરશે




ભારતે જાન્યુઆરી, 2022માં દેશમાં ALH MK3 હેલિકોપ્ટરની નિકાસ કરવા માટે મોરેશિયસ સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

- આ કરાર મુજબ HALએ તાજેતરમાં એક ALH MK3 હેલિકોપ્ટરની ડિલિવરી કરી હતી.
- આ હેલિકોપ્ટરનો ઉપયોગ મોરેશિયસ પોલીસ ફોર્સ કરશે.
- HAL આ હેલિકોપ્ટર માટે તકનીકી અને જાળવણી સપોર્ટ પ્રદાન કરશે.
- આ ડિલિવરી ભારત અને મોરેશિયસ વચ્ચેના સંબંધોને વેગ આપશે.
- હિંદ મહાસાગરમાં તેની ભૌગોલિક રાજકીય સ્થિતિ માટે આ દેશ મહત્વપૂર્ણ છે.
- ઉપરાંત આવી ડિલિવરી ભારતને તેના સંરક્ષણ નિકાસ લક્ષ્યાંકો હાંસલ કરવામાં મદદ કરે છે. ભારતે 2025 સુધીમાં 5 અબજ ડોલરની નિકાસનું લક્ષ્ય નક્કી કર્યુ છે.

## ALH MK III

હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા સ્વદેશી રીતે ઉત્પાદિત ALH MK-III હેલિકોપ્ટર અત્યાધુનિક સાધનો ધરાવે છે.

- તે એક મલ્ટિરોલ હેલિકોપ્ટર છે.
- તેમાં અદ્યતન રડાર તેમજ ઈલેક્ટ્રો–ઓપ્ટિકલ સેન્સર્સ, શક્તિ એન્જિન, ફુલ ગ્લાસ કોકપિટ, હાઈ–ઈન્ટેન્સિટી સર્ચલાઈટ, એડવાન્સ કોમ્યુનિકેશન સિસ્ટમ, ઓટોમેટિક આઈડેન્ટિફિકેશન સિસ્ટમ તેમજ સર્ચ એન્ડ રેસ્ક્યુ હોમરનો સમાવેશ થાય છે.
- આ સુવિધા હેલિકોપ્ટરને દરિયાઈ જાસૂસી હાથ ધરવા તેમજ જહાજોમાંથી દિવસ અને રાત્રી બંને સમયે સંચાલન કરતી વખતે વિસ્તૃત રેન્જમાં શોધ અને બચાવ કાર્ય કરવા સક્ષમ બનાવે છે.
- હેલિકોપ્ટરે અનેક જીવન બચાવવાના મિશન અને કુદરતી આફતો દરમિયાન પણ પોતાની ક્ષમતા સાબિત કરી હતી.
- અત્યાર સુધીમાં ભારતે આવા 335થી વધુ હેલિકોપ્ટરનું ઉત્પાદન કર્યું છે.

**નોંધ :** જૂન 2022માં આ હેલિકોપ્ટર્સને ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં કાર્યરત ભારતીય કોસ્ટ ગાર્ડમાં સામેલ કરવામાં આવ્યા હતા.



Registration Now

**1.** ભારતમાં 'માતૃપિતૃ પૂજન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 13 ફેબ્રુઆરી (B) 14 ફેબ્રુઆરી (C) 15 ફેબ્રુઆરી (D) 16 ફેબ્રુઆરી — **(B)**

**2.** તાજેતરમાં અરુણાચલ પ્રદેશના રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી કૈવલ્ય ત્રિવિક્રમ પારનાઈક (B) શ્રી થાવરચંદ ગેહલોત

(C) શ્રી બંડારુ દત્તાત્રેય (D) શ્રી રમેશ બૈસ — **(A)**

**3.** તાજેતરમાં સિક્કિમના રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી ગંગા પ્રસાદ (B) પ્રોફેસર જગદીશ મુખી

(C) શ્રી લક્ષ્મણ પ્રસાદ આચાર્ય (D) શ્રી મંગુભાઈ પટેલ — **(C)**

**4.** તાજેતરમાં ઝારખંડના રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી ફાગુ ચૌહાણ (B) શ્રી સી.પી. રાધાકૃષ્ણન

(C) શ્રી ગંગા પ્રસાદ (D) શ્રી તમીલસાઈ સુંદરજન — **(B)**

**5.** તાજેતરમાં હિમાચલ પ્રદેશના રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી શીવ પ્રતાપ શુક્લા (B) શ્રી બી.ડી. મિશ્રા

(C) પલાના સ્વામી (D) શ્રી હરિ બાબુ કમ્ભમપતિ — **(A)**

**6.** તાજેતરમાં આસામના રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી ગુલાબચંદ કટારિયા (B) શ્રી સત્યદેવ નારાયણઆર્ય

(C) શ્રી લા ગણેશન (D) શ્રી ફાગુ ચૌહાણ — **(A)**

**7.** તાજેતરમાં આંધ્રપ્રદેશના રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી એસ. અબ્દુલ નઝીર (B) શ્રી રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર

(C) શ્રી લા ગણેશન (D) પ્રોફેસર જગદીશ મુખી — **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**8.** તાજેતરમાં કયા પત્રકારને વર્ષ 2023ના 'રાજા રામ મોહન રાય રાષ્ટ્રીય પુરસ્કાર' માટે પસંદગી કરવામાં આવી છે ?

(A) શ્રી શેખર ગુપ્તા (B) શ્રી અર્નબ ગોસ્વામી

(C) શ્રી કરણ થાપર (D) શ્રી એ.બી.કે. પ્રસાદ **(D)**

---

**9.** તાજેતરમાં ચર્ચામાં રહેલ 'દિલ્હી–મુંબઈ એક્સપ્રેસ વે' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તે આઠ લેનવાળો એક્સપ્રેસ વે છે. જેને ટ્રાફિક દબાણના આધારે 12 લેન એક્સપ્રેસ વે સુધી લંબાવી શકાય છે.

(B) આ એક્સપ્રેસ વે વન્યજીવોની અવર–જવર માટે પ્રાણી ઓવરપાસ પણ ધરાવે છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

---

**10.** તાજેતરમાં કરેલી એક જાહેરાત અનુસાર HAL નીચેના પૈકી કયા દેશને ALH MK3 હેલિકોપ્ટરની નિકાસ કરશે ?

(A) સુદાન (B) મોરેશિયસ (C) કેન્યા (D) ઈરાન **(B)**




Registration Now

## ખનન પ્રહરી એપ્લિકેશન (Khanan Prahari Application)




ભારત સરકારે અનધિકૃત કોલસા ખાણ પ્રવૃત્તિઓની જાણ કરવા માટે 'ખનન પ્રહરી' નામની મોબાઈલ એપ્લિકેશન અને કોલ માઈન સર્વેલન્સ એન્ડ મેનેજમેન્ટ સિસ્ટમ (CMSMS) વેબ એપ્લિકેશન શરૂ કરી છે.

- કોઈપણ વ્યક્તિ આ એપ દ્વારા ગેરકાયદેસર ખાણકામની ગતિવિધિઓની જાણ કરી શકે છે.
- આ એપ્લિકેશન શરૂ કરવાનો ઉદ્દેશ્ય ગેરકાયદેસર ખાણકામ સામેની કાર્યવાહીમાં નાગરિકોની ભાગીદારીને પ્રોત્સાહિત કરવાનો છે.
- નાગરિકો ઘટના સ્થળના ભૂ–ટેગ કરેલા ફોટોગ્રાફસનો ઉપયોગ કરીને ગેરકાયદે કોલસાના ખોદકામની ઘટનાઓની જાણ કરી શકે છે અને ટેક્સ્ટના રૂપમાં માહિતી આપી શકે છે.

### ગેરકાયદેસર ખાણકામ

ભારતમાં ગેરકાયદેસર ખાણકામ વધી રહ્યું છે. આંધ્રપ્રદેશ, તેલંગાણા અને તમિલનાડુ જેવા રાજ્યોમાં ગૌણ ખનિજોનું ગેરકાયદેસર ખનન સામાન્ય છે.

- આ ઉપરાંત આસામ અને મેઘાલય જેવા ઉત્તરપૂર્વીય રાજ્યોમાં પણ કોલસા જેવા મુખ્ય ખનીજોનું ગેરકાયદેસર ખાણકામ સામાન્ય છે.
- મોટા ખનીજો કરતા ગૌણ ખનિજોનું ગેરકાયદેસર ખનન ઝડપથી વધી રહ્યું છે. કારણ કે રેતી અને કાંકરી જેવા ગૌણ ખનિજોની માંગ વધી રહી છે.
- યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ મુજબ ગેરકાયદે રેતી ખનનમાં ભારત ટોચના સ્થાને છે.
- ડર અને ખચકાટ ગેરકાયદેસર ખનન વધવાનું મુખ્ય કારણ છે. ગેરકાયદેસર ખાણકામની ગતિવિધિઓ જોઈને સામાન્ય લોકો તેની માહિતી આપતા ડરે છે.
- IT ટેક્નોલોજી અને મોબાઈલ એપ્લિકેશન જેમ કે ખનન પ્રહરી એપ ઓળખ ગુપ્ત રાખવામાં મદદ કરી શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## એરો ઈન્ડિયા 2023 (Aero India 2023)

તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંરક્ષણ મંત્રાલય હેઠળના ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ પ્રોડક્શન દ્વારા આયોજિત 'એરો ઈન્ડિયા 2023'નું ઉદ્‌ઘાટન કર્યું હતું.

- એરો ઈન્ડિયા 2023 <u>કર્ણાટકના બેંગ્લુરુમાં</u> યોજાયો હતો.
- આ શોમાં 32થી વધુ દેશના સંરક્ષણ મંત્રી તથા અન્ય દેશોના એર ચીફ અને સહભાગીતાઓએ હાજરી આપી હતી.

## એરો ઈન્ડિયા 2023




એરો ઈન્ડિયા 2023 એ <u>14મી આવૃત્તિ</u> હતી. આ શો <u>દર બે વર્ષે</u> યોજાય છે.

- આ શોમાં 809થી વધુ ભારતીય અને વિદેશી કંપનીઓએ ભાગ લીધો હતો.
- એરો ઈન્ડિયા 2023ની થીમ '<u>RUNNWAY TO BILLION OPPORTUNITIES</u>' હતી.
- સંરક્ષણ મંત્રાલયના <u>સંરક્ષણ ઉત્પાદન</u> વતી આ વર્ષે <u>હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)</u> દ્વારા એરો ઈન્ડિયાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.
- મુખ્ય પ્રદર્શકોમાં એરબસ, બોઈંગ, દસોલ્ટ એવિએશન, લોકહીડ માર્ટિન, ઈઝરેયલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રી, બ્રહ્મોસ એરોસ્પેસ, આર્મી એવિએશન, HC રોબોટિક્સ, રોલ્સ રોયલ, ભારત ફોર્જ લિમિટેડ, BEL, BDL વગેરે જેવી કંપનીઓનો સમાવેશ થાય છે.
- ઈવેન્ટનો ઉદ્દેશ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) – તેજસ, HTT-40, ડોર્નિયર લાઈટ યુટિલિટી હેલિકોપ્ટર (LUH), લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર (LCH) અને એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર (ALH) જેવા સ્વદેશી એર પ્લેટફોર્મની નિકાસને પ્રોત્સાહન આપવાનો છે.
- સંરક્ષણ અને એરોસ્પેસ ઉદ્યોગોમાં મુખ્ય ઉદ્યોગસાહસિકો અને રોકાણકારો ઉપરાંત આ ઈવેન્ટમાં વિશ્વભરના અગ્રણી સંરક્ષણ થિંક–ટેન્ક અને સંરક્ષણ સંબંધિત સંસ્થાઓની ભાગીદારી જોવા મળશે.
- આ વર્ષે એરો–ઈન્ડિયા–2023નું ફોકસ '<u>મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ</u>' વિઝનને અનુરૂપ સ્વદેશી ટેક્નોલોજીને પ્રદર્શિત કરવા અને વિદેશી કંપનીઓ સાથે ભાગીદારી બનાવવા પર હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સાઉદી અરેબિયા પ્રથમ મહિલાને અવકાશમાં મોકલશે

<u>સુશ્રી રેયના બર્નાવી</u> ઈતિહાસ રચવા જઈ રહી છે. અવકાશમાં જનાર તે <u>પ્રથમ આરબ મહિલા</u> હશે.

- સાઉદી અરેબિયા માટે આ ઐતિહાસિક ક્ષણ છે જ્યાં સદીઓથી મુસ્લિમ મહિલાઓ પર પ્રતિબંધો હતા.



- સુશ્રી રેયના બર્નાવી ફાઈટર જેટના પાઈલટ અલી અલ–કરની સાથે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન જશે.
- તે <u>SpaceX ફાલ્કન 9 રોકેટ</u> પર ઉડાન ભરશે તથા <u>ક્રૂને ફ્લોરિડાથી</u> લોન્ચ કરવામાં આવશે.
- સાઉદી અરેબિયા તેની મહિલાઓને લઈને ખૂબ જ રૂઢિચુસ્ત છે. જો કે ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને અનેક ફેરફાર કર્યા છે. તેઓએ મહિલાઓને વાહન ચલાવવાની છૂટ આપી હતી. તથા મહિલાઓને વિદેશ પ્રવાસની પણ છૂટ આપી હતી. આ માટે તે ઐતિહાસિક ક્ષણ છે.

**નોંધ :** સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ સુલ્તાન બિન સલમાન 1985માં અવકાશમાં પ્રવાસ કરનાર પ્રથમ સાઉદી અરેબિયન હતા. તેમણે અમેરિકા દ્વારા આયોજિત સ્પેસ ફ્લાઈટમાં ઉડાન ભરી હતી.



## WEDNESDAY Questions

1. તાજેતરમાં ભારત સરકારે 'ખનન પ્રહરી એપ્લિકેશન' (Khanan Prahari Application) શરૂ કરી છે. તે શેના સંદર્ભે છે ?
   (A) ગેરકાયદેસર ખાણકામ સંબંધિત
   (B) કોલસો, પેટ્રોલિયમ તથા અન્ય ખનીજોની શોધ સંબંધિત
   (C) ભારતથી વિદેશમાં ખનીજ નિકાસ કરવા સંબંધિત
   (D) વિદેશથી ભારતમાં ખનીજ આયાત કરવા સંબંધિત
   **(A)**

2. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા સ્થળે 'એરો ઈન્ડિયા 2023' (Aero India 2023)નું ઉદ્‌ઘાટન કર્યુ હતું ?
   (A) ચેન્નાઈ, તમિલનાડુ (B) લખનૌ, ઉત્તરપ્રદેશ (C) બેંગ્લોર, કર્ણાટક (D) મુંબઈ, મહારાષ્ટ્ર
   **(C)**

3. સુશ્રી રેયના બર્નાવી અવકાશમાં જનાર કયા દેશના પ્રથમ મહિલા હશે ?
   (A) જાપાન (B) સાઉદી અરેબિયા (C) ન્યૂઝિલેન્ડ (D) કેનેડા
   **(B)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## LTTE ચીફ વેલુપિલ્લઈ પ્રભાકરન જીવંત હોવાનો દાવો

શ્રીલંકામાં તામિલ રાજકીય નેતા નેદુમારનએ તાજેતરમાં દાવો કર્યો હતો કે વેલુપિલ્લઈ પ્રભાકરન (Velupillai Prabhakaran) જીવિત છે અને સ્વસ્થ છે.

- વેલુપિલ્લઈ પ્રભાકરન લિબરેશન ટાઈગર્સ ઓફ તમિલ ઈલમ (LTTE)ના સ્થાપક હતા.
- આ ઉગ્રવાદી સંગઠન વર્ષ 1991માં ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી રાજીવગાંધીની હત્યા માટે જવાબદાર હતું.
- LTTE શ્રીલંકામાં તમિલો માટે અલગ જમીન માંગે છે. તેમણે આજથી 25 વર્ષ પહેલા શ્રીલંકા સામે ગૃહ યુદ્ધ કર્યુ હતું.
- શ્રીલંકાની સેનાએ 2009માં LTTEના ચીફ પ્રભાકરનને મારી નાખ્યો હતો અને યુદ્ધનો અંત આવ્યો હતો.
- પરંતુ નેદુમારનએ તાજેતરમાં જાહેરાત કરી હતી કે વેલુપિલ્લાઈ પ્રભાકરન જીવિત છે.

નોંધ : (1) લિબરેશન ટાઈગર્સ ઓફ તમિલ ઈલમ (LTTE)ની સ્થાપના 1976માં થઈ હતી. તે શ્રીલંકાનું ઉગ્રવાદી સંગઠન છે. તે તમિલો માટે અલગ રાષ્ટ્રની માંગ સાથે બન્યું હતું.

(2) વેલુપિલ્લઈ પ્રભાકરનના નેતૃત્વ હેઠળ આ સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી.

(3) શ્રીલંકાની સરકાર અને LTTE વચ્ચેનો સંઘર્ષ લગભગ ત્રણ દાયકાઓ સુધી ચાલ્યો હતો અને 2009માં સમાપ્ત થયો હતો.

(4) આ યુદ્ધ એશિયામાં સૌથી લાંબા સમયથી ચાલતા ગૃહ યુદ્ધોમાંનું એક હતું.

## એર ઈન્ડિયા બોઇંગ અને એરબસ પાસેથી 470 એરક્રાફ્ટ ખરીદશે



એર ઈન્ડિયાએ ટોચના એરક્રાફ્ટ ઉત્પાદકો એરબસ (ફ્રાન્સ) અને બોઈંગ (યુનાઈટેડ સ્ટેટ્સ) પાસેથી આશરે 100 બિલિયન અમેરિકન ડોલર મૂલ્યના 470 પેસેન્જર એરક્રાફ્ટ ખરીદવા માટે બે મોટા સોદાની જાહેરાત કરી છે.

- આ ડીલમાં એર ઈન્ડિયાને ફ્રેન્ચ કંપની એરબસ પાસેથી 250 અને અમેરિકન કંપની બોઈંગ પાસેથી 220 એરક્રાફ્ટ મળશે.
- આ ડીલ દુનિયાની સૌથી મોટી એવિએશન ડીલ છે. આ પહેલા વિશ્વની સૌથી મોટી એવિએશન ડીલનો રેકોર્ડ અમેરિકન એરલાઈન્સના નામે હતો. તેમણે 2011માં એરબસ અને બોઈંગને 460 એરક્રાફ્ટનો ઓર્ડર આપ્યો હતો.

## ભારત માટે આ એરક્રાફ્ટ ડીલનું મહત્વ

આ સોદો એવિએશન સેક્ટરમાં વિશ્વ લીડર બનવાની ભારતની આકાંક્ષાઓને પ્રતિબિંબિત કરે છે.

- જેને આગામી 15 વર્ષમાં 2000થી વધુ એરક્રાફ્ટની જરૂર હોવાનો અંદાજ છે.
- 17 વર્ષમાં એર ઈન્ડિયાનો આ પહેલો એરક્રાફ્ટ ઓર્ડર છે. અને 2023ના અંત સુધીમાં એર ઈન્ડિયાને પહેલું A350 એરક્રાફ્ટ આપવામાં આવશે.
- ભારતના 'મેક ઈન ઈન્ડિયા–મેક ફોર ધ વર્લ્ડ' અભિગમ હેઠળ આ સોદો ભારતને ઉડ્ડયન ઉદ્યોગમાં ત્રીજા સૌથી મોટા અભિકર્તા તરીકે સ્થાપિત કરશે અને એરોસ્પેસ ઉત્પાદન ક્ષેત્રમાં નવી તકો ખોલશે તેવી અપેક્ષા છે.
- આ ડીલથી ભારત, યુએસ અને ફ્રાન્સ વચ્ચેના સંબંધો વધુ મજબૂત થશે.

નોંધ : (1) ભારતનું નાગરિક ઉડ્ડયન વૈશ્વિક સ્તરે સૌથી ઝડપથી વિકસતા ઉડ્ડયન બજારોમાંનું એક છે અને 2024 સુધીમાં ભારતને 5 ટ્રિલિયન અમેરિકન ડોલર અર્થતંત્ર બનાવવા માટે એક મુખ્ય વૃદ્ધિ એન્જિન બનશે.

(2) 2038 સુધીમાં દેશના હવાઈ જહાજના કાફલાનું કદ ચાર ગણું થઈને અંદાજે 2500 એરોપ્લેન થવાનો અંદાજ છે.

(3) એરબસ એ યુરોપિયન બહુરાષ્ટ્રીય એરોસ્પેસ કોર્પોરેશન છે. જોકે કંપનીનો મુખ્ય વ્યવસાય ફ્રેન્ચ દ્વારા થાય છે. તેની મોટાભાગની ઉત્પાદન સુવિધાઓ યુરોપમાં છે.

(4) બોઈંગ એક અમેરિકન કંપની છે તેનું મુખ્યાલય વર્જિનિયામાં છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 2 લાખ PACS, ડેરી અને ફિશરીઝ કોઓપરેટિવની સ્થાપના કરવાની યોજના



તાજેતરમાં કેન્દ્ર સરકારએ સહકારી ચળવળને મજબૂત કરવા માટે આગામી પાંચ વર્ષમાં દેશમાં 2 લાખ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS), ડેરી અને મત્સ્યઉદ્યોગ સહકારી સંસ્થાઓની સ્થાપના કરવાની યોજનાને મંજૂરી આપી છે.

- નોંધનીય છે કે આ અગાઉ વધુ પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે આગામી પાંચ વર્ષમાં 63,000 PACSના કોમ્પ્યુટરાઈઝેશન માટે કેન્દ્રીય બજેટ 2023માં 2,516 કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવી હતી.

## યોજનાના મુખ્ય મુદ્દાઓ

### ઉદ્દેશ્ય

સહકારી મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલી આ યોજનાનો ઉદ્દેશ્ય 'દેશમાં સહકારી ચળવળને મજબૂત બનાવવા અને પાયાના સ્તર સુધી તેની પહોંચ સુનિશ્ચિત કરવાનો' છે.

### વિવિધ યોજનાઓનું સંકલન

યોજનાનો ઉદ્દેશ્ય ગામડાઓમાં સક્ષમ PACS, ડેરી અને મત્સ્યોદ્યોગ સહકારી મંડળીઓની સ્થાપના કરવાનો અને 'સંપૂર્ણ સરકાર' અભિગમનો લાભ લઈને મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયની વિવિધ યોજનાઓના સંકલન દ્વારા વર્તમાન સહકારી સંસ્થાઓને મજબૂત કરવાનો છે.

### કાર્યયોજના અથવા એક્શન પ્લાન

પ્રોજેક્ટના અમલીકરણ માટેનો એક્શન પ્લાન નાબાર્ડ, નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) અને નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડ (NFDB) દ્વારા તૈયાર કરાવવામાં આવશે.

### ઘટકો

(a) પશુપાલન અને ડેરી વિભાગ :

(i) નેશનલ પ્રોગ્રામ ફોર ડેરી ડેવલપમેન્ટ (NPDD)

(ii) ડેરી પ્રોસેસિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ (DIDF)

(b) મત્સ્યોદ્યોગ વિભાગ :

(i) પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (PMMSY)

(ii) ફિશરીઝ એન્ડ એક્વાકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ (FIDF)

### ઉચ્ચ સ્તરીય આંતર-મંત્રાલય સમિતિ (IMC)

યોજનાના સરળ અમલીકરણ માટે 'સહકાર મંત્રાલય' હેઠળ તેની સ્થાપના કરવામાં આવશે.

## યોજનાનું મહત્વ

હાલમાં 1.6 લાખ પંચાયતો પાસે પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS) નથી અને લગભગ 2 લાખ પંચાયતો કોઈ ડેરી સહકારી મંડળી વગરની છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- દેશની તમામ સંસ્થાઓ દ્વારા વિસ્તૃત કિસાન ક્રેડિટ (KCC) લોનના 41% (3.01 કરોડ ખેડૂતો) પ્રાથમિક કૃષિ ક્રેડિટ સોસાયટી દ્વારા પ્રદાન કરવામાં આવી છે.
- નાબાર્ડનો વાર્ષિક અહેવાલ 2021-22 દર્શાવે છે કે કુલ લોનના 59.6 ટકા નાના (3.01 કરોડ ખેડૂતો) પ્રાથમિક કૃષિ ક્રેડિટ સોસાયટી દ્વારા પ્રદાન કરવામાં આવી છે.
- આ મંડળીઓ ખેડૂતોને તેમના અનાજની જાળવણી અને સંગ્રહ કરવા માટે સંગ્રહ સેવાઓ પણ પૂરી પાડે છે.

## PACS



પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS) એ સ્થાનિક સ્તરની સહકારી ધિરાણ સંસ્થાઓ છે જે વિવિધ કૃષિ પ્રવૃત્તિઓ માટે ખેડૂતોને ટૂંકા ગાળાની અને મધ્યમ ગાળાની કૃષિ લોન પૂરી પાડે છે.

- તેઓ રાજ્ય સ્તરે રાજ્ય સહકારી બેંકો (SCBs)ની આગેવાની હેઠળના ત્રિ–સ્તરીય સહકારી ધિરાણ માળખામાં છેલ્લી કડી તરીકે કાર્ય કરે છે.
- ક્રેડિટ SCBsથી ડિસ્ટ્રિક સેન્ટ્રલ કોઓપરેટિવ બેંકો (DCCBs)માં ટ્રાન્સફર કરવામાં આવે છે, જે જિલ્લા સ્તરે કાર્ય કરે છે.
- PACS, જે કો–ઓપરેટિવ બેન્કિંગ સિસ્ટમ અનુસાર કામ કરે છે, તે ગ્રામીણ ક્ષેત્રને ટૂંકા અને મધ્યમ ગાળાની લોન પૂરી પાડવા માટે પ્રાથમિક રિટેલ આઉટલેસ છે.

## ચક્રવાત ગેબ્રિયલ : ન્યૂઝીલેન્ડ



તાજેતરમાં ન્યૂઝીલેન્ડના દરિયાકિનારે ચક્રવાત ગેબ્રિયલ ત્રાટક્યું હતું.

- જેના કારણે ઓછામાં ઓછા 5 જેટલા લોકોના મૃત્યુ થયા હતા અને 9000 લોકો વિસ્થાપિત થયા હતા.
- ન્યૂઝિલેન્ડ સરકારે નોર્થ આઈલેન્ડ પર ચક્રવાત ગેબ્રિયલને કારણે રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી હતી.
- ન્યૂઝીલેન્ડના ઈતિહાસમાં આ ત્રીજી વખત છે જ્યારે રાષ્ટ્રીય કટોકટી જાહેર કરવામાં આવી છે.
- 2019માં ક્રાઈસ્ટ ચર્ચ આંતકી હુમલા પછી અને 2020માં કોવિડ મહામારી દરમિયાન રાષ્ટ્રીય કટોકટી જાહેર કરવામાં આવી હતી.
- આ ચક્રવાતને કારણે નોર્થ આઈલેન્ડમાં ભારે પૂર અને ભૂસ્ખલન થયું છે.
- ચક્રવાત બાદ ન્યૂઝીલેન્ડમાં 6.1 તીવ્રતાનો ભૂકંપ પણ આવ્યો હતો.

# 5મી ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ મધ્યપ્રદેશમાં યોજાઈ

ભારતના વિવિધ ભાગોમાંથી પ્રતિભાઓ શોધવા માટે ભારત સરકાર દર વર્ષે ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સનું આયોજન કરે છે.

- ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સની પાંચમી આવૃત્તિનું આયોજન મધ્યપ્રદેશમાં થયું હતું.

## ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ

આ ઈવેન્ટનું આયોજન મધ્યપ્રદેશના આઠ શહેરો મહેશ્વર, બાલાઘાટ, જબલપુર, ગ્વાલિયર, ઉજ્જૈન, ઈન્દોર અને ભોપાલમાં કરવામાં આવ્યું હતું.

- આ ઈવેન્ટમાં પ્રથમ વખત કાયાકિંગ અને કેનોઈંગની રજૂઆત કરવામાં આવી હતી.
- પાંચમી ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સમાં મેડલ ટેલીમાં મહારાષ્ટ્ર રાજ્ય ટોચ પર છે.
- મહારાષ્ટ્ર 56 ગોલ્ડ મેડલ, 55 સિલ્વર મેડલ અને 50 બ્રોન્ઝ મેડલ થઈને કુલ 161 મેડલ સાથે પ્રથમ ક્રમે છે.
- ત્યારબાદ બીજા ક્રમે 41 ગોલ્ડ, 32 સિલ્વર અને 55 બ્રોન્ઝ થઈને કુલ 128 મેડલ સાથે હરિયાણા બીજા ક્રમે છે.

## ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ મેડલ ટેલી

| ક્રમ | રાજ્ય | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | મહારાષ્ટ્ર | 56 | 55 | 50 | 161 |
| 2 | હરિયાણા | 41 | 32 | 55 | 128 |
| 3 | મધ્યપ્રદેશ | 39 | 30 | 27 | 96 |
| 4 | રાજસ્થાન | 19 | 10 | 19 | 48 |
| 5 | દિલ્હી | 16 | 22 | 26 | 64 |




1. તાજેતરમાં LTTE ચીફ વેલુપિલ્લઈ પ્રભાકરન જિવિત હોવાનો એક નેતાએ દાવો કર્યો હતો. આ LTTE ઉગ્રવાદી સંગઠન કયા દેશ સાથે સંકળાયેલ છે ?

(A) મ્યાનમાર (B) શ્રીલંકા (C) પાકિસ્તાન (D) અફઘાનિસ્તાન **(B)**

2. તાજેતરમાં કરેલી એક જાહેરાત અનુસાર એર ઈન્ડિયા કઈ બે કંપની પાસેથી 470 એરક્રાફ્ટ ખરીદશે ?

(A) બોઈંગ અને એરબસ (B) રેથિયોન અને સફરાન
(C) રોલ્સ રોયલ અને લિયોનાર્ડો (D) થેલ્સ અને એરબસ **(A)**

3. તાજેતરમાં કેન્દ્ર સરકારે સહકારી ચળવળને મજબૂત કરવા માટે આગામી પાંચ વર્ષમાં 2 લાખ PACS, ડેરી અને મત્સ્યઉદ્યોગ સહકારી સંસ્થાઓની સ્થાપના કરવાની યોજનાને મંજૂરી આપી છે. આ યોજના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. સહકારી મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલી યોજનાનો ઉદ્દેશ્ય 'દેશમાં સહકારી ચળવળને મજબૂત બનાવવા અને પાયાના સ્તર સુધી તેની પહોંચ સુનિશ્ચિત કરવાનો છે.
2. યોજનાના સરળ અમલીકરણ માટે 'સહકાર મંત્રાલય' હેઠળ તેની સ્થાપના કરવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) વિધાન 1 સાચું છે પરંતુ વિધાન 2 ખોટું છે.
(B) વિધાન 2 સાચું છે પરંતુ વિધાન 1 ખોટું છે.
(C) વિધાન 1 અને વિધાન 2 બંને સાચા છે.
(D) વિધાન 1 અને વિધાન 2 બંને ખોટા છે. **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ ચક્રવાત 'ગેબ્રિયલ' કયા દેશમાં ત્રાટક્યું હતું ?

(A) ન્યૂઝીલેન્ડ (B) અમેરિકા (C) ફિલિપાઈન્સ (D) જાપાન **(A)**

5. 5મી ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સનું આયોજન કયાં થયું હતું ?

(A) હરિયાણા (B) દિલ્હી (C) મધ્યપ્રદેશ (D) ઓડિશા **(C)**

6. 5મી ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સમાં કયું રાજ્ય મેડલ ટેલીમાં પ્રથમ ક્રમે હતું ?

(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) મધ્યપ્રદેશ (D) કેરળ **(B)**

## Wolf Prize Winners 2023

તાજેતરમાં <u>વુલ્ફ પ્રાઈઝ 2023</u>ના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી.

- વુલ્ફ પ્રાઈઝ <u>ઈઝરાયેલ</u>ના <u>વુલ્ફ ફાઉન્ડેશન</u> દ્વારા આપવામાં આવે છે.
- <u>વર્ષ 1978</u>થી આ પ્રાઈઝ આપવામાં આવે છે. તે વૈજ્ઞાનિકો અને કલાકારોને આપવામાં આવે છે.
- તેની સ્થાપના જર્મન રિકાર્ડો વુલ્ફ દ્વારા કરવામાં આવી હતી. તેઓ ઈઝરાયેલ રાજદૂત હતા.

WOLF FOUNDATION

- આ પુરસ્કારો કલા, ભૌતિકશાસ્ત્ર, કૃષિ, ગણિત, રસાયણશાસ્ત્ર અને મેડિસન એમ છ ક્ષેત્રોમાં આપવામાં આવે છે.
- ઈઝરાયેલની સંસદ નેસેટ ખાતે એવોર્ડ પ્રેઝન્ટેશન સેરેમની યોજાઈ હતી.
- વિજેતાઓને <u>100,000 અમેરિકન ડોલર</u>ની રકમ આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### Wolf Prize Winners 2023

| ક્રમ | કેટેગરી | વિજેતા | શેના માટે |
|---|---|---|---|
| 1. | મેડિસન | પ્રોફેસર ડેનિયલ ડ્રકર (યુનિવર્સિટી ઓફ ટોરન્ટો, કેનેડા) | આંતરડાના હોર્મોન્સ પરના તેમના સંશોધન માટે |
| 2. | કૃષિ (એગ્રીકલ્ચર) | માર્ટિન્સ થ રીએન (રિયો ડી જાનેરો ફેડરલ યુનિવર્સિટી) | જમીનમાં પાણીના પ્રવાહ અને દૂષિત પરિવહન પરના તેમના સંશોધન માટે |
| 3. | ભૌતિકશાસ્ત્ર | પ્રોફેસર કેન ગેન્ચટેન | સોઈલ ફિઝિક્સ અને વાડોઝ ઝોનમાં તેમના કામ માટે |
| 4. | રસાયણશાસ્ત્ર | જ્હોન ટી વિલ્સન, હિરોકી સુગા, જેફરી ડબલ્યુ કેલી | આરએનએના પેથોલોજીકલ ડિસફંક્શન પર તેમના કાર્ય માટે |
| 5. | ગણિત | ઈન્ગ્રિડ ડૌબેચીસ (ડ્યુક યુનિવર્સિટી) | વેવલેટ થિયરીમાં તેના કામ માટે |
| 6. | કલા | ફુજીકો નાકાયા (જાપાન), રિચાર્ડ લોંગ (ઈંગ્લેન્ડ) | – |

## વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ (Vibrant Villages Programme)

તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે ઈન્ડો–તિબેટિયન બોર્ડર પોલીસ (ITPB)ની સાત નવી બટાલિયનની રચનાને મંજૂરી આપી છે.

- તેમજ ચીન સરહદે સામાજિક અને સુરક્ષા માળખાને મજબૂત કરવા માટે 'વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ' હેઠળ 48000 કરોડ રૂપિયા ફાળવ્યા છે.
- આ ઉપરાંત કેબિનેટે મનાલી–દારચા–પદુમ–નિમ્મુ સેક્ટરમાં 4.1 કિલોમીટર લાંબી શિંકુ–લા ટનલને પણ મંજૂરી આપી છે.

### મહત્ત્વ

તેનો ઉદ્દેશ્ય વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) સાથે સુરક્ષા ગ્રીડને મજબૂત કરવાનો છે.

- આ ઉપરાંત તે ITBPને તેના કર્મચારીઓને આરામ કરવા, સ્વસ્થ થવાની અને તાલીમ આપવાની તક પણ પૂરી પાડશે.
- વધારાની બટાલિયન ઊભી કરવાનો નિર્ણય કરતી વખતે સક્ષમ સરહદ દેખરેખની જરૂરિયાત અને બંને બાટાલિયનની જરૂરિયાતને ધ્યાનમાં લેવામાં આવી હતી.
- સરહદી ગામો માટે નાણાકીય પેકેજ મંજૂર કરવાનો અને સુરક્ષા વધારવાનો સરકારનો નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે લદ્દાખમાં LAC પર ચીન સાથેના મુદ્દાઓ હજુ ઉકેલાયા નથી.
- PLAના સૈનિકો હજુ પણ દેપસાંગ મેદાનો અને ડેમચોકમાં તૈનાત છે અને ચીન LACની પાસે તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અપગ્રેડ કરી રહ્યું છે. ત્યારે સરકારનો આ નિર્ણય અત્યંત મહત્વપૂર્ણ છે.

### વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ

તે કેન્દ્રીય બજેટ વર્ષ 2022-23 (2025-26 સુધી)માં ઉત્તરમાં સરહદી ગામોનો વિકાસ કરવા અને આવા સરહદી ગામોના રહેવાસીઓના જીવનની ગુણવતામાં સુધારો કરવાના ઉદ્દેશ્ય સાથે કેન્દ્રીય ભંડોળ પૂરું પાડવામાં આવેલ કાર્યક્રમ છે.

- જેમાં હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, અરૂણાચલ પ્રદેશ, સિક્કિમ અને લદ્દાખના સરહદી વિસ્તારોનો સમાવેશ થશે.
- આ હેઠળ 2,963 ગામોને આવરી લેવામાં આવશે, જેમાંથી 663ને પ્રથમ તબક્કામાં આવરી લેવામાં આવશે.
- જીલ્લા વહીવટીતંત્ર દ્વારા ગ્રામ પંચાયતોની મદદથી વાઈબ્રન્ટ વિલેજ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવશે.
- વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામને કારણે 'બોર્ડર એરિયા ડેવલપમેન્ટ પ્રોગ્રામ'ની સાથે ઓવરલેપની સ્થિતિ ઉત્પન્ન થશે નહીં.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ઉદ્દેશ્ય

આ યોજના ઉત્તર સરહદ પરના સરહદી ગામોના સ્થાનિક, કુદરતી, માનવ અને અન્ય સંસાધનોના આધારે આર્થિક ડ્રાઈવરોની ઓળખ અને વિકાસમાં મદદ કરશે.

- સામાજિક સાહસિકતા, કૌશલ્ય વિકાસ અને સાહસિકતા દ્વારા યુવાનો અને મહિલાઓના સશક્તિકરણને પ્રોત્સાહન દ્વારા 'હબ અને સ્પોક મોડલ' પર આધારિત વૃદ્ધિ કેન્દ્રો વિકસાવવા.
- સ્થાનિક સાંસ્કૃતિક, પરંપરાગત જ્ઞાન અને વારસાને પ્રોત્સાહન આપીને પ્રવાસન ક્ષમતાનો ઉપયોગ કરવો.
- સમુદાય આધારિત સંસ્થાઓ, સહકારી સંસ્થાઓ અને NGO દ્વારા 'એક ગામ–એક ઉત્પાદન'ની વિભાવના પર ટકાઉ પર્યાવરણીય કૃષિ વ્યવસાયોનો વિકાસ કરવાનો છે.

## ભારત સરકારે શિંકુ લા ટનલના બાંધકામને મંજૂરી આપી

તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે શિંકુ લા ટનલ (Shinku la Tunnel)ના નિર્માણની મંજૂરી આપી હતી.

- તે લદ્દાખના સરહદી વિસ્તારોને સર્વ–હવામાન જોડાણ પ્રદાન કરવા માટે 'નિમુ–પદમ–દારચા રોડ લિંક પર 4.1 કિલોમીટર લાંબી સુરંગ છે.



- આ ટનલ ડિસેમ્બર 2025 સુધીમાં તૈયાર થઈ જશે.
- દેશની સુરક્ષા અને સંરક્ષા માટે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે.
- તેનાથી તે વિસ્તારમાં સુરક્ષા દળોની અવરજવરમાં પણ મદદ કરશે.
- આ ટનલ ઝાંસ્કર ખીણની અર્થવ્યવસ્થાને વેગ આપવામાં મદદ કરશે. તેનાથી હિમાચલ પ્રદેશ અને લદ્દાખ વચ્ચેનો પ્રવાસ સમય ઘટશે.
- હાલમાં મનાલી–લેહ રોડ પર 101 કિમીની મુસાફરી કરવી પડે છે અને પછી ઝાંસ્કર પ્રદેશમાં પ્રવેશવા માટે દારચા રોડનો ઉપયોગ કરવો પડે છે.
- સૌથી મુશ્કેલ અવરોધ એ છે કે શિયાળા દરમિયાન હિમવર્ષા થાય છે. આ સિઝનમાં લગભગ તમામ રસ્તાઓ બંધ રહે છે.
- શિંકુ લા ટનલ 'પ્રોજેક્ટ યોજક' (Project Yojak)નો એક ભાગ છે. આ પ્રોજેક્ટ BRO દ્વારા અમલમાં મુકવામાં આવ્યો છે.

**નોંધ :** શિંકુ લા અથવા શિંગો લા એ હિમાચલ પ્રદેશ અને લદ્દાખ વચ્ચેની સરહદ પરનો એક પર્વત માર્ગ છે. તે 5091 મીટરની ઊંચાઈ પર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં ઈઝરાયેલના વુલ્ફ ફાઉન્ડેશન દ્વારા 'Wolf Prize 2023'ના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી છે. આ વિજેતાઓના સંદર્ભે કયું વિધાન બંધ બેસતું નથી ?

(A) મેડિસન : પ્રોફેસર ડેનિયલ ડ્રુકર
(B) એગ્રીકલ્ચર : માર્ટિન્સ થ રીએન
(C) ભૌતિકશાસ્ત્ર : પ્રોફેસર કેન ગેન્ચટેન
(D) રસાયણશાસ્ત્ર : ઈન્ગ્રિડ ડૌબેચીસ

**(D)**

2. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે ઈન્ડો–તિબેટિયન બોર્ડર પોલીસ (ITBP)ની સાત નવી બટાલિયનની રચના તેમજ ચીન સરહદે સામાજિક અને સુરક્ષા માળખાને મજબૂત કરવા ‘વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ’ હેઠળ 4800 કરોડ રૂપિયાની મંજૂરી આપી છે. આ ‘વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ’ વિશે નીચેના વિધાન પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો ?

1. તે કેન્દ્રીય બજેટ વર્ષ 2022-23 (2025-26 સુધી)માં ઉત્તરમાં સરહદી ગામોનો વિકાસ કરવા અને આવા સરહદી ગામોના રહેવાસીઓના જીવનની ગુણવત્તામાં સુધારો કરવાના ઉદ્દેશ્ય સાથે કેન્દ્રિય ભંડોળ પૂરું પાડવામાં આવેલ એક કાર્યક્રમ છે.
2. તેમાં હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, અરૂણાચલ પ્રદેશ, સિક્કિમ અને લદ્દાખના સરહદી વિસ્તારોનો સમાવેશ થશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) વિધાન 1 સાચું છે પરંતુ વિધાન 2 ખોટું છે.
(B) વિધાન 2 સાચું છે પરંતુ વિધાન 1 ખોટું છે.
(C) વિધાન 1 અને વિધાન 2 બંને સાચા છે.
(D) વિધાન 1 અને વિધાન 2 બંને ખોટા છે.

**(C)**

3. તાજેતરમાં ભારત સરકારે લદ્દાખના સરહદી વિસ્તારોને સર્વ–હવામાન જોડાણ પ્રદાન કરવા માટે નિમુ–પદમ–દારચા રોડ લિંક પર _____ નામની 4.1 કિલોમીટર લાંબી ટનલની મંજૂરી આપી છે.

(A) શિંકુ–લા ટનલ
(B) ત્રિવેન્દ્રમ ટનલ
(C) નાથુવાડી ટનલ
(D) બોરા ટનલ

**(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 18 ફેબ્રુઆરી, મહાવદ તેરસ, મહાશિવરાત્રિ

### ભવનાથનો મહાશિવરાત્રીનો મેળો



ગુજરાતના જૂનાગઢ ખાતે મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે દર વર્ષે ભવનાથનો મેળો યોજાય છે.

- આ મેળાને વર્ષ 2018માં કરેલી જાહેરાત અનુસાર વર્ષ 2019થી 'મિનીકુંભ'નો દરજ્જો આપવામાં આવ્યો છે.
- આ મેળામાં શિવરાત્રીના દિવસે નીકળતી દિગમ્બર સાધુઓની રવેડી સૌના આકર્ષણનું કેન્દ્ર રહે છે.
- આ રવેડી ગિરનાર તળેટીના જૂના અખાડાથી નીકળીને ભવનાથ મંદિર પહોંચે છે.
- આ રવેડી ભવનાથ મંદિર પહોંચ્યા બાદ સાધુ–સંતો ભવનાથ મંદિરના પૌરાણિક મૃગિકુંડમાં સ્નાન કરે છે.

**નોંધ :** ભારતમાં મહાવદ-13 (તેરસ)ની રાત્રી 'મહાશિવરાત્રી' તરીકે ઉજવાય છે.

## HARBINGER 2023 : RBIએ બીજી વૈશ્વિક હેકાથોનની જાહેરાત કરી

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ તાજેતરમાં '**HARBINGER 2023**'ની જાહેરાત કરી છે. આ એક હેકાથોન છે.




- આ હેકાથોનની થીમ '**Inclusive Digital Services**' છે.
- આ હેકાથોનમાં 22 વિવિધ દેશોના સ્પર્ધકો ભાગ લેશે.
- તેમાં ઈઝરાયેલ, ફિલિપાઈન્સ, સિંગાપોર, સ્વીડન, યુએસ અને યુકેનો સમાવેશ થાય છે.
- RBIને ભારતીય ઉમેદવારો તરફથી 363 દરખાસ્તો પણ મળી છે.
- આ હેકાથોન ડિજિટલ બેન્કિંગ, નિયમો, વ્યવહારો અને વ્યવહારોમાં બ્લોકચેનનો ઉપયોગ એમ ચાર સેગમેન્ટમાં યોજવામાં આવનાર છે.

**મહત્વ**

સેન્ટ્રલ બેન્કે ફિનટેકને હેકાથોનમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું.

- તેઓ એવા ઉકેલો વિકસાવસે જે ડિજિટલ નાણાકીય સેવાઓનો ઉપયોગ કરવામાં અલગ–અલગ રીતે સક્ષમ લોકોને મદદ કરશે.
- ઉપરાંત ફિનટેક સેન્ટ્રલ બેન્કની ડિજિટલ કરન્સીની પહોંચ વધારવા પર કામ કરશે.
- હેકાથોનના સહભાગીઓને ઔદ્યોગિક નિષ્ણાતો સાથે વાર્તાલાપ કરવાની તક મળશે તેમાંના કેટલાક તેમના દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.
- ઉપરાંત નવી ફિનટેક તેમના નવીન ઉકેલો પ્રદર્શિત કરી શકે છે.

## ઈનામ

હેકાથોનના વિજેતાને 40 લાખ રૂપિયા અને ઉપવિજેતાઓને 20 લાખ રૂપિયાનું ઈનામ આપવામાં આવશે.

નોંધ : (1) ગ્લોબલ હેકાથોન સૌપ્રથમ વર્ષ 2021માં શરૂ કરવામાં આવી હતી. આ હેકાથોનના પરિણામો 2022માં જાહેર કરવામાં આવ્યા હતા.

(2) RBI દ્વારા આ બીજી હેકાથોન છે. પ્રથમ હેકાથોનની થીમ 'સ્માર્ટર ડિજિટલ પેમેન્ટ્સ' હતી.



## SATURDAY Questions

1. ભારતમાં દર વર્ષે કઈ રાત્રી મહાશિવરાત્રી તરીકે ઉજવાય છે ?

(A) મહાવદ તેરસ (B) મહાસુદ તેરસ

(C) મહાવદ ચૌદસ (D) મહાસુદ ચૌદસ **(A)**

2. ગુજરાતમાં મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે જૂનાગઢ ખાતે નીકળતી દિગમ્બર સાધુઓની રવેડી ભવનાથ મંદિરના કયા પૌરાણિક કુંડમાં સ્નાન કરે છે ?

(A) ભૃગીકુંડ (B) મુનીકુંડ

(C) મૃગીકુંડ (D) યોગીકુંડ **(C)**

3. તાજેતરમાં RBIએ 'HARBINGER 2023'ની જાહેરાત કરી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તે એક હેકાથોન છે.

(B) તેની થીમ 'Inclusive Digital Services' છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

અન્ય મહત્વનું

# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

➤ **પ્રજાસત્તાક દિવસની પરેડમાં ગુજરાતની ઝાંખીએ 'પીપલ્સ ચોઈસ એવોર્ડ' જીત્યો**



26 જાન્યુઆરી, 2023ના રોજ 74મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે નવી દિલ્હી ખાતે પરેડ યોજાઈ હતી. જેમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા વિવિધ ટેબ્લો રજૂ કરવામાં આવ્યા હતા. આ અંતર્ગત ગુજરાતે 'ક્લિન–ગ્રીન ઊર્જાયુક્ત ગુજરાત' થીમ હેઠળ ટેબ્લો રજૂ કર્યુ હતું. આ વર્ષે www.mygov.in દ્વારા પરેડમાં રજૂ થયેલા ટેબ્લોની શ્રેષ્ઠતા પસંદગી માટે સમગ્ર દેશના નાગરિકોનો મત જાણવામાં આવ્યો હતો. આ વેબસાઈટ પર દેશની જનતાએ ઓનલાઈન વોટિંગમાં ગુજરાતના ટેબ્લોને સૌથી વધુ મત આપીને 'પીપલ્સ ચોઈસ એવોર્ડ' શ્રેણીમાં પ્રથમ ક્રમ 'ક્લિન ગ્રીન ઊર્જા યુક્ત ગુજરાત'ના ટેબ્લોને મળ્યો હતો.

➤ **રાજકોટમાં ગૌ-કૃષિ યુનિવર્સિટીનો પ્રારંભ**

રાજકોટ સ્થિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના 57માં પદવીદાન સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગૌ–કૃષિ યુનિવર્સિટીનો પ્રારંભ કરાવ્યો હતો. ગૌ–કૃષિ યુનિવર્સિટીનો વર્ચ્યુઅલી પ્રારંભ કરાવતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, કૃષિ અને પશુપાલનનો સંયુક્ત અભ્યાસક્રમ ધરાવતી આ પ્રકારની ગુજરાતની સૌપ્રથમ યુનિવર્સિટી છે, જે ગુજરાતની નવી પહેલ છે. કૃષિ અને પશુપાલનના પદ્ધતિસરના અભ્યાસથી આવનારા સમયમાં આ ક્ષેત્રોમાં રોજગારીની પુષ્કળ સંભાવના છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **ભારતને દક્ષિણ આફ્રિકાથી 12 ચિત્તા મળશે**



ભારત અને દક્ષિણ આફ્રિકાએ જાન્યુઆરી, 2023માં પ્રોજેક્ટ ચિત્તા પર એક કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર મુજબ ભારતને દક્ષિણ આફ્રિકા પાસેથી 12 ચિત્તા મળશે. આ ચિત્તાઓને મધ્યપ્રદેશના કુનો નેશનલ પાર્કમાં છોડવામાં આવશે. સપ્ટેમ્બર 2022માં આઠ ચિત્તા છોડવામાં આવ્યા હતા. આ આઠ ચિત્તા નામિબિયાથી લાવવામાં આવ્યા હતા.

➤ **પ્રથમ સુંદરવન બર્ડ ફેસ્ટિવલ**



તાજેતરમાં પ્રથમ સુંદરવન બર્ડ ફેસ્ટિવલ દરમિયાન 145 વિવિધ પ્રજાતિઓ જોવા મળી હતી. પ્રથમ સુંદરવન બર્ડ ફેસ્ટિવલનું આયોજન પશ્ચિમ બંગાળ વન વિભાગના સુંદરવન ટાઈગર રિઝર્વ (STR) વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ઘણી ટીમોએ સુંદરવન બાયોસ્ફિયર રિઝર્વની અંદરના વિવિધ વિસ્તારોની મુલાકાત લીધી હતી. બર્ડ ફેસ્ટિવલ સુંદરવનની પક્ષીઓની વિવિધતા પર આધાર રેખા ડેટા પ્રદાન કરે છે. વર્ષ 2021માં ઝૂઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ZSI) અનુસાર ભારતમાં શોધાયેલી તમામ એવિયન પ્રજાતિઓમાંથી એક તૃતીયાંશ એટલે કે 428 પક્ષીઓની પ્રજાતિઓ સુંદરવનમાં જોવા મળી હતી.

➤ **ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ 2023**



ખેલો ઈન્ડિયા યોજના દેશના યુવાનોમાં રમતગમતના કૌશલ્યને વધારવા અને રમતગમતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવા માટે શરૂ કરવામાં આવી હતી. આ યોજના શરૂ થઈ ત્યારથી રમત મંત્રાલય હેઠળ કામ કરતી ખેલો ઈન્ડિયા કમિટી ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ, ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ વગેરે જેવી ઘણી રમતોનું આયોજન કરી રહી છે. ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ 2023 તાજેતરમાં જમ્મુ અને કાશ્મીરના ગુલમાર્ગમાં શરૂ કરવામાં આવી હતી. ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ 2023 એ ત્રીજી આવૃત્તિ છે. આ વર્ષે નવ જુદી જુદી રમતોમાં 1500થી વધુ સ્પર્ધકો ભાગ લેશે. યુવા બાબતો અને રમત મંત્રાલય જમ્મુ અને કાશ્મીર સ્પોર્ટ્સ કાઉન્સિલ અને જમ્મુ–કાશ્મીર વિન્ટર સ્પોર્ટ્સ ફેડરેશન સાથે મળીને ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સનું આયોજન કરી રહ્યું છે. આ અગાઉ 2021ની આવૃત્તિ લેહમાં યોજાઈ હતી. અને 2020ની આવૃત્તિ ગુલમર્ગમાં યોજાઈ હતી.

➤ **કસ્ટોડિયલ મૃત્યુ**



ગૃહ મંત્રાલય અનુસાર છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં સૌથી વધુ કસ્ટોડિયલ મૃત્યુ થયા છે. કસ્ટોડિયલ મૃત્યુ અથવા કસ્ટોડિયલ ડેથ એ પોલીસ કસ્ટડીમાં અથવા ન્યાયિક કસ્ટડીમાં ટ્રાયલ દરમિયાન અથવા કેદની સજા ભોગવી રહેલા વ્યક્તિઓના મૃત્યુનો સંદર્ભ આપે છે. તે વિવિધ કારણોસર હોઈ શકે છે, જેમાં અધિકારીઓ દ્વારા બળનો વધુ પડતો ઉપયોગ, બેદરકારી અથવા ગેરવર્તણૂકનો સમાવેશ થાય છે. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં (80) સૌથી વધુ કસ્ટોડિયલ મૃત્યુ નોંધાયા છે, ત્યારબાદ મહારાષ્ટ્ર (76), ઉત્તર પ્રદેશ (41), તમિલનાડુ (40) અને બિહાર (38) છે.

➤ **નિર્માણ સે શક્તિ પહેલ**

કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC)એ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક બનાવવા માટે 'નિર્માણ સે શક્તિ' નામની પહેલ શરૂ કરી છે. નિર્માણ સે શક્તિ પહેલમાં તબક્કાવાર રીતે ESI યોજના હોસ્પિટલો અને દવાખાનાનું અપગ્રેડેશન/આધુનિકરણ, બહેતર આધુનિક સુવિધાઓ, દેખરેખ, બાંધકામની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની સાથે 100/200/500 બેડવાળી હોસ્પિટલો માટે પ્રમાણભૂત ડિઝાઈન તૈયારી, બિલ્ડિંગ ટેક્નોલોજીનો સ્વીકાર તેમજ જમીન/સંપત્તિના દસ્તાવેજોનું ડિજિટાઈઝેશન અને પ્રોજેક્ટ મોનિટરિંગ માટે ઓનલાઈન રીઅલ–ટાઈમ ડેશબોર્ડનો સમાવેશ થાય છે. કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC), કર્મચારી રાજ્ય વિમા અધિનિયમ, 1948 હેઠળ એક બહુપરીમાણીય સામાજિક સુરક્ષા પ્રણાલી છે જે યોજના હેઠળ આવરી લેવામાં આવેલી કાર્યકારી વસતી અને તેમના આશ્રિતોને સામાજિક–આર્થિક સુરક્ષા પ્રદાન કરવા માટે રચાયેલ છે.

➤ **TRIFED આદિ મહોત્સવ ફેસ્ટિવલનો પ્રારંભ**

આદિજાતિ બાબતોના મંત્રાલયે તાજેતરમાં આદી મહોત્સવ ફેસ્ટિવલની શરૂઆત કરી હતી. તે દસ દિવસનો તહેવાર છે. આ તહેવાર નવી દિલ્હીમાં ઉજવવામાં આવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ ફેસ્ટિવલનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ ઉત્સવમાં ભારતના વિવિધ ભાગોમાંથી હજારથી વધુ કારીગરો ભાગ લેશે. આદિ મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ્ય આદિવાસી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાનો છે. TRIFED આદિજાતિ બાબતોના મંત્રાલય વતી આ ઉત્સવનું આયોજન કરી રહ્યું છે. આ ફેસ્ટિવલ એટલા માટે જરૂરી છે કે વચેટિયા માર્કેટિંગ અને વેચાણ આદિવાસી વસ્તી દ્વારા કમાવામાં આવતા નફાને અવરોધે છે. કારીગરો દ્વારા ઉત્પાદિત ઓર્ગેનિક ઉત્પાદનો આ ફેસ્ટિવલમાં મોટી ભૂમિકા ભજવશે. મહોત્સવમાં 39થી વધુ વન ધન વિકાસ કેન્દ્રો ભાગ લેશે. આ આદિ મહોત્સવ ફેસ્ટિવલની થીમ 'A Celebration of the Spirt of Tribal Crafts, Culture, Cusine, and Commerce' છે.

➤ **હૈદરાબાદ ફોર્મ્યુલા ઇ-ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું**

ફોર્મ્યુલા ઈ એ ઈલેક્ટ્રિક કાર રેસ છે. ભારતમાં પ્રથમ વખત ફોર્મ્યુલા E રેસનું આયોજન કરવામાં આવ્યું હતું. હૈદરાબાદના હુસૈન સાગર તળાવ પાસે ઈલેક્ટ્રિક કારોએ રેસ લગાવી હતી. આ ચેમ્પિયનશિપમાં 22000થી વધુ દર્શકોએ તેમની હાજરી નોંધાવી હતી. રેસ દરમિયાન કારોએ 32 લેપ પુરા કરવાના હોય છે. દરેક લેપમાં 18 વળાંક હોય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **મિશન અંત્યોદય સર્વે 2022-23**

અંત્યોદય મિશન ગ્રામીણ વિસ્તારોમાં લોકોને મદદ કરવા માટે શરૂ કરવામાં આવ્યું હતું. તેનો ઉદ્દેશ્ય ગરીબી દૂર કરવાનો છે. ગ્રામીણ વિકાસ મંત્રાલયે તાજેતરમાં મિશન અંત્યોદય સર્વેક્ષણ 2022-23 શરૂ કર્યું છે. આ સર્વે દેશની 2,69,000 ગ્રામ પંચાયતોમાં કરવામાં આવશે. તે પ્રશ્નાવલીનો ઉપયોગ કરીને હાથ ધરવામાં આવશે. લગભગ 21 ક્ષેત્રોને આવરી લેવામાં આવશે. આ 21 ક્ષેત્રોને આવરી લેવા માટે 183 સૂચકાંકોની પસંદગી કરવામાં આવી છે. સર્વેક્ષણમાં આવરી લેવાયેલા ક્ષેત્રોમાં મત્સ્યોદ્યોગ, કૃષિ, બળતણ અને ઘાસચારો, સુશાસન, રસ્તા, સંદેશાવ્યવહાર વગેરેનો સમાવેશ થાય છે. પ્રશ્નાવલી 13 ભાષાઓમાં તૈયાર કરવામાં આવશે. મિશન અંત્યોદય બજેટ 2017-18 દરમિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું. આ મિશનનો ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારોમાં કુદરતી સંસાધનોનો મહત્તમ ઉપયોગ કરવાનો છે.

➤ **BIMARU સ્ટેટ્સ**

BIMARU એ ટૂંકુ નામ છે તેનો અર્થ છે Bi-બિહાર, Ma - મધ્યપ્રદેશ, R - રાજસ્થાન અને U-ઉત્તરપ્રદેશ. 1980ના દાયકામાં અર્થશાસ્ત્રી શ્રી આશિષ બોઝ દ્વારા આ ટૂંકુ નામ બનાવ્યું હતું. અર્થશાસ્ત્રીએ એ હકીકત પર ભાર મૂકવા માટે ટૂંકુ નામ બનાવ્યું હતું કે આ ચાર રાજ્યોની નબળી આર્થિક સ્થિતિ ભારતના એકંદર GDP વૃદ્ધિને અસર કરી રહી છે. તાજેતરમાં ઉત્તરપ્રદેશમાં આયોજિત ઈન્વેસ્ટર્સ સમિટ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ શબ્દ યાદ કર્યો હતો.

➤ **રાષ્ટ્રીય અંગ ટ્રાન્સપ્લાન્ટ માર્ગદર્શિકા**

તાજેતરમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે રાષ્ટ્રીય અંગ ટ્રાન્સપ્લાન્ટ માર્ગદર્શિકામાં સુધારો કર્યો છે. હવે 65 વર્ષથી વધુ ઉંમરના લોકો ટ્રાન્સપ્લાન્ટ માટે મૃત દાતાઓ પાસેથી અંગો મેળવી શકશે. માનવ અવ્યવોના પ્રત્યારોપણ અધિનિયમ, 1994 માનવ અંગોને અલગ કરવા અને સંગ્રહ કરવા માટે વિવિધ નિયમો મુકે છે. તે માનવ અંગોના વ્યાવસાયિક ઉપયોગને રોકવા માટે તબીબી ઉપયોગ માટે માનવ અંગોના પ્રત્યારોપણને નિયંત્રિત કરે છે. લાંબા આયુષ્યના હેતુથી ઉપલી વયમર્યાદા દૂર કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# વિશ્વ

## ➤ એશિયા 2025 સુધીમાં વિશ્વની અડધી વીજળીનો ઉપયોગ કરશે : IEA

ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીએ તાજેતરમાં તેનો વાર્ષિક અહેવાલ બહાર પાડ્યો છે. સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવેલા અન્ય બે મુખ્ય અહેવાલો વર્લ્ડ એનર્જી આઉટલુક અને નેટ ઝીરો બાય 2050 રિપોર્ટ છે. એજન્સી દ્વારા જાહેર કરવામાં આવેલા વાર્ષિક અહેવાલ મુજબ એશિયા ખંડ 2025 સુધીમાં વિશ્વમાં ઉત્પાદિત વીજળીનો અડધોઅડધ વપરાશ કરશે. બીજી બાજુ આફ્રિકા 2025 સુધીમાં વિશ્વની માત્ર 3% વીજળીનો ઉપયોગ કરશે : એશિયાનો મોટાભાગનો વીજળીનો વપરાશ ચીનમાં થવાનો છે. ચીન યુનાઈટેડ સ્ટેટ્સ, ભારત અને યુરોપિયન યુનિયનના સંયુક્ત કરતા વધુ વીજળીનો વપરાશ કરશે. આફ્રિકા દ્વારા ઓછામાં ઓછુ વપરાશ કરવામાં આવશે કારણ કે બાકીના વિશ્વની જેમ વિકસિત નથી. વિશ્વમાં વીજળીની માંગ હવામાન પર નિર્ભર બની રહી છે. ભારતમાં ગરમીના મોજાંના કારણે વીજળીના વપરાશમાં નોંધપાત્ર વધારો થશે. તેમજ યુરોપમાં દુષ્કાળને કારણે વીજળીનો વપરાશ વધશે.

## ➤ વિશ્વ સરકાર સમિટ 2023

વિશ્વ સરકાર સમિટ દર વર્ષે દુબઈ, સંયુક્ત આરબ અમીરાતમાં યોજાય છે. આ સમિટ દરમિયાન વિશ્વના નેતાઓ નીતીઓ અને સરકારી પ્રક્રિયાઓની ચર્ચા કરે છે. સમિટમાં ઓછામાં ઓછા 100 દેશોના 4000થી વધુ વિદેશી પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે. સમિટ જ્ઞાન વિનિમય કેન્દ્ર તરીકે સેવા આપે છે. નીતિ નિર્માતાઓ અને ખાનગી ક્ષેત્ર પરસ્પર હિતો અને ભાવિ જરૂરિયાતો વિશે શિખે છે. વર્ષ 2023ની સમિટમાં 20થી વધુ રાષ્ટ્રપતિ ભાગ લેશે. વિશ્વ સરકાર સમિટ 2023ની થીમ 'Shaping Future Governments' છે. પ્રથમ વિશ્વ સરકાર સમિટ 2023માં યોજાઈ હતી. ભારત વિશ્વ સરકાર સમિટ અથવા વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટમાં ‘ઈન્ડિયા સ્ટેક’ના તેના ભાગીદારોની જાહેરાત કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. તાજેતરમાં પદ્મભૂષણ આચાર્યશ્રી વિજયરત્ન સુંદર સૂરીશ્વરજી મહારાજના _____ માં પુસ્તકના લોકાર્પણ પ્રસંગે 'સ્પર્શ મહોત્સવ'નું અમદાવાદ ખાતે આયોજન થયું હતું. – 400
2. 'સ્ટેટ ઓફ ધ યુનિયન (SOTU) એડ્રેસ કયા દેશ સાથે સંબંધિત છે ? – અમેરિકા
(અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને તાજેતરમાં વોશિંગ્ટન ડીસીમાં યુએસ કેપિટલમાં સંસદના સંયુક્ત સત્રમાં સ્ટેટ ઓફ ધ યુનિયન (SOTU) ભાષણ આપ્યું હતું. જો બાઈડનનું આ બીજુ SOTU સંબોધન છે.)
3. 'ઈગલ 44 (ઓઘાબ 44)' કયા દેશનું પહેલું ભૂગર્ભ એરફોર્સ બેઝ છે ? – ઈરાન
4. TReDS એક ઈલેક્ટ્રોનિક પ્લેટફોર્મ છે જે કઈ સંસ્થાઓ માટે વ્યવહારોની સુવિધા આપે છે ? – MSME
5. બાર્ડ (Bard) એ એક AI ચેટબોટ છે જે કઈ ટેક કંપની દ્વારા વિકસાવવામાં આવી રહી છે ? – ગૂગલ
6. કઈ સંસ્થાએ મહામારી સંધિનો 'ઝીરો–ડ્રાફ્ટ' લોન્ચ કર્યો છે ? – વિશ્વ આરોગ્ય સંસ્થા
(WHOની ઈન્ટરગવર્નમેન્ટલ નેગોશિયેટીંગ બોડી (INB) દ્વારા તાજેતરમાં મહામારી સંધિનો 'ઝીરો–ડ્રાફ્ટ' લોન્ચ કરવામાં આવ્યો હતો. આ આંતરરાષ્ટ્રીય સંધિ 2024માં વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં રજૂ થવાની અપેક્ષા છે. મહામારી સંધિનો ઉદ્દેશ્ય ભાવિ મહામારી સામે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની સજ્જતાને મજબૂત કરવાનો છે.)
7. કઈ પ્રતિષ્ઠિત વ્યક્તિએ 'Global Climate Resilience Fund - USD 50 mn Fund For Women' લોન્ચ કર્યું છે ? – હિલેરી ક્લિન્ટન
8. તાજેતરમાં કયા દેશે ઈન્ડોનેશિયા–મલેશિયા–થાઈલેન્ડ ગ્રોથ ટ્રાયેન્ગલ જોઈન્ટ બિઝનેસ કાઉન્સિલ સાથે ભાગીદારી કરી છે ? – ભારત
9. 5મી ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સમાં કયું ભારતીય રાજ્ય મેડલ ટેલીમાં ટોચ પર છે ? – મહારાષ્ટ્ર
10. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ _____ માં ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તે ત્રણ દિવસીય સમિટ હતી. આ સમિટ દરમિયાન ઈન્વેસ્ટ 2.0 લોન્ચ કરવામાં આવ્યું હતું. – લખનૌ
11. રશિયન સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા તાજેતરના અહેવાલમાં જણાવાયું છે કે રશિયાએ પાંચ વર્ષમાં _____ દેશને 13 અબજ ડોલરના શસ્ત્રોની નિકાસ કરી છે. – ભારત
12. ભારતની પ્રથમ Frozen Lake Marathonનું યજમાન કયું રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ છે ? – લદ્દાખ
13. વૈજ્ઞાનિકોએ કયા દેશના ઉત્તર મધ્ય નેબ્રાસ્કાની ઉત્તર મધ્ય નેબ્રાસ્કાની સેન્ડ હિલ્સમાં ક્વાસિક્રિસ્ટલ્સના ત્રીજા કુદરતી સ્ત્રોતની શોધ કરી છે ? – યુનાઈટેડ સ્ટેટ્સ
14. તાજેતરમાં કયા રાજ્યમાં જુનિયર વકીલો માટે સ્ટાઈપેન્ડ યોજના શરૂ કરવામાં આવી છે ? – કેરળ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

15. કયા ટેલિસ્કોપની '2023 John L. Jack Swigert, Jr Swigert, Jr Award for Space Exploration' માટે પસંદગી કરવામાં આવી છે ? – જેમ્સ વેબ ટેલિસ્કોપ

16. કઈ કંપનીએ વિશ્વની સૌપ્રથમ સેટેલાઈટ આધારિત ટુ–વે મેસેજિંગ સિસ્ટમ લોન્ચ કરી છે ? – ક્વાલકોમ

17. ભારત અને કયા દેશ વચ્ચે સંયુક્ત સૈન્ય કવાયત ધર્મ ગાર્ડિયનની ચોથી આવૃત્તિ 17 ફેબ્રુઆરીથી 2 માર્ચ, 2023 દરમિયાન યોજાઈ રહી છે ? – જાપાન

18. ભારતે _____ વર્ષ સુધીમાં 14 અબજ ડોલરના દરિયાઈ ઉત્પાદનોની નિકાસ કરવાનું લક્ષ્ય રાખ્યું છે ? – 2025

19. ભરતપુર પક્ષી અભયારણ્ય જે તાજેતરમાં સમાચારોમાં તે કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલું છે ? – રાજસ્થાન

20. કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશે 2023-24ના બજેટમાં રૂ.19,000 કરોડના મોંઘવારી રાહત પેકેજની જાહેરાત કરી છે ? – રાજસ્થાન

21. કયું શહેર 'વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટ 2023'નું આયોજન કરી રહ્યું છે ? – દુબઈ

22. ભારતીય મૂળના કયા વ્યક્તિ 2024માં યોજનારી અમેરિકાના રાષ્ટ્રપ્રમુખપદની ચૂંટણી લડવાની વિચારણા કરી રહ્યા છે ? – શ્રી વિવેક રામાસ્વામી

23. અબુધાબી ઓપન ટેનિસ ટુર્નામેન્ટની વિમેન્સ સિંગલ્સનું ટાઈટલ કોણે જીત્યું છે ? – બેલિન્ડા બેનકિચ (સ્વિત્ઝર્લેન્ડ)


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નકશા નં - 4

## ભારત એક સામાન્ય પરિચય



અમારા ટેલિગ્રામ ચેનલમાં જોડાવા માટે
નીચે આપેલી લિંક પર ક્લીક કરો.

t.me/iceonlinerajkot

CLICK HERE

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT